Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૬ મું. વીર સં. ૨૪૫૫. માહ. આત્મ સં. ૩૩. અંક ૭ મો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ જૈન ... ... ... | ૧૬૭ | ૮ સદ્બોધ ... ... ... | ૧૭૯ |
| ૨ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વર ગુણાષ્ટકમ્ | ૧૬૮ | ૯ વિદ્યાર્થી વિભાગ વાંચન ... | ૧૮૫ |
| ૩ જૈન સાહિત્યના બોધદાયક પ્રસંગો | ૧૭૦ | ૧૦ સ્ત્રી વિભાગ વાંચન... ... | ૧૮૫ |
| ૪ ધન સંબંધી કંઇક ... ... | ૧૭૧ | ૧૧ વર્તમાન સમાચાર... ... | ૧૮૭ |
| ૫ હવે ક્યારે ? ... ... | ૧૭૫ | ૧૨ જૈન સાહિત્ય માહિતિ પત્રક ... | ૧૮૮ B |
| ૬ સર્વ નાશનું મૂળ ... ... | ૧૭૬ | ૧૨ સ્વીકાર અને સમાલોચના ... | ૧૮૯ |
| ૭ પરદારાના ત્યાગ વિષે .. ... | ૧૭૮ | | |


મુદ્રકઃ—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રી. પ્રેસ સ્ટેશન રોડ—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુંદર ફોટાઓ. (છબીયો.)

કલકત્તાવાળા નથમલ ચાંડલીયા ફોટાગ્રાફરે હાલમાં એવા વિવિધ રંગોથી તૈયાર કરાવેલ સુંદર ફોટા મનોહર અને આકર્ષક બહાર પાડયા છે, કે જે જોતાંજ ખરેખર ભક્તિ રસ ઉભરાઈ ગયા સિવાય.રહેતો નથી.

| નામ. | સાઇઝ. | | કીંમત. |
|---|---|---|---|
| ૧ શ્રી કેસરિયાજી મહારાજ | ૧૫×૨૦ | | ૦-૮-૦ |
| ૨ શ્રી ચંદ્રગુપ્તના સોળસ્વપ્ના. | ,, | અર્થસહિત. | ૦-૮-૦ |
| ૩ મધુબિંદુ દ્રષ્ટાંત. | ,, | સમજણસહિત. | ૦-૬-૦ |
| ૪ ષડ્લેશ્યા. | ,, | ,, | ૦-૬-૦ |
| ૫ શ્રી જીનદત્તસૂરિજી ( દાદાસાહેબ ) | | ,, | ૦-૬-૦ |
| ૬ શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૧૬×૧૨ | ,, | ૦-૪-૦ |
| ૧ શ્રી મહાવિરસ્વામી. | ૧૫×૨૦ | ,, પુનાવાલાના પ્રકટ થયેલ | ૦-૮-૦ |
| ૨ શ્રી ગૌતમસ્વામી મહારાજ. | ૧૫×૨૦ | ,, પુનાવાલાના પ્રકટ થયેલ | ૦-૧૦-૦ |

**સમ્મેત શિખરતીર્થ ચિત્રાવલી**—કે જેમાં પવિત્રતીર્થ શ્રી સમ્મેતશિખર ઉપરના તમામ દહેરાઓ, ધર્મશાળાઓ, પાદુકાઓ, વિગેરેના મળી સુંદર આર્ટ પેપર ઉપર છાપેલ લગભગ સાઠ ફોટાઓ, મુખ્ય શિલાલેખો વિગેરેથી પાકા સોનેરી બાઈન્ડીંગથી બુક અલંકૃત કરેલ છે, ઘેરબેઠા દર્શનનો લાભ મળી શકે છે. ફોટાઓ ઘણાં જ સુંદર અને દેવાલય પાદુકા-નાળા જળાશયો વગેરેની સમજણ સાથે ફોટાઓ આપેલ છે. ઘરના શણગારરૂપ, પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક અને લાઈબ્રેરીના ગારવરૂપ છે. કીં. રૂ. ૨-૮-૦ છે. મંગાવનારે નીચેના સીરનામે લખવું.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तेषां पारमेश्वरमतवर्त्तिनां जन्तूनां नास्त्येव शोको न विद्यते दैन्यं प्रलीनमौत्सुक्यं व्यपगतो रतिविकारः जुगुप्सनीया जुगुप्सा असम्भवी चित्तोद्वेगः अतिदूरवर्तिनी तृष्णा समूलकाषंकषितः सन्त्रासः किन्तर्हि तेषां मनसि वर्तते धीरता कृतास्पदा गम्भीरता अतिप्रबलमौदार्यं निरतिशयोऽवष्टंभः।

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २६ मुं. } वीर संवत् २४५५. माह, आत्म संवत् ३३. { अंक ७ मो.

## जैन.

(છપ્પય)

જૈન તેહનું નામ, જેહ જીનવરને પૂજે;
જૈન તેહનું નામ, સંઘ-ભક્તિમાં ઝૂઝે. ૧
જૈન તેહનું નામ, જેહ સ્વાધ્યાયે શૂરા;
જૈન તેહનું નામ, ગુરૂ સેવામાં પૂરા. ૨
જૈન તેહનું નામ, જેહ રાચે દઇ દાને;
જૈન તેહનું નામ, કરે આવશ્યક ધ્યાને. ૩
જૈન તેહનું નામ, જેહ પાળે વ્રત નિત્યે;
જૈન તેહનું નામ, કરે જપ તપ બહુ પ્રિત્યે. ૪
જૈન તેહનું નામ, જેહ શ્રુત પાઠોને ભણતા;
જૈન તેહનું નામ, સહુ જીવોને ખમતા. ૫
વળી નિજ ઇંદ્રિયનો નિગ્રહ કરી, જીનવર આણા શિર વહે;
ઉત્તમ જૈન તે જાણવા, અવશ્ય એમ આગમ કહે. ૬

વેજલપુર-ભરૂચ. } શાહ છગનલાલ નહાનચંદ નાણાવટી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्रीमद्-हरिभद्रसूरीश्वर गुणाष्टकम्.

( भाराक्रान्ता वृत्तम् )[1]

येन क्षेमं सकलं जनता विचिन्तितमाहितं,
तत्त्वार्थेन प्रकटितगुणं विभासितवस्तुना।
सिद्धात्मानंश्रुतमतिनिधिं गुरुं हरिभद्रकं,
सूरीशं तं शुभगुणयुतं नमामि गुणोदधिम् ॥ १ ॥

( मन्दाक्रान्ता वृत्तम् )

सम्पन्नार्थं शुभपदगतं शुद्धतत्त्वाऽवबोधं,
तत्त्वज्ञानां सतत सुखदं पूजनीय क्रमाऽब्जम्।
भव्यात्मानां भवभयहरं केवलं शान्तमूर्त्तिं,
तन्नम्येऽहं विदितविभवं हारिभद्रं मुनीन्द्रम् ॥ २ ॥

मिथ्यातत्त्वप्रबलतमसां भेदने भानुमन्तं,
मिथ्यामोहक्षुभितमनसां मोदने यत्नवन्तम्।
संसाराऽब्धौ विषयविषमे मज्जतां तारकं ते,
वन्दे नित्यं सकलसुखदं हारिभद्रं मुनीशम् ॥ ३ ॥

जैनो धर्मः प्रवचनमयो येन संपादितोऽलं,
शास्ता धर्मं सुनयविकलप्राणिनां यो विशुद्धम्।
शुद्धाऽऽत्मानामुचित सरणीमादिशंतं तमीशं,
ध्यायामि श्रीविभवनिलयं हारिभद्रं सुसूरिम् ॥ ४ ॥

चक्रे येन प्रशममतिना ग्रन्थधारो वरिष्ठः,
येनादघ्रे जिनमतिगणो दुर्विपाकादनन्तात्।

[1] " भाराक्रन्ता मभनरसला गुरुः श्रुतिषड्हयैः ॥ "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



छित्त्वा पाशं मदनविषयं यो विशुद्धाशयोऽभूत्,
वन्दे भूयः प्रशमविभवं हारिभद्रं यतीन्द्रम् ॥ ५ ॥

सुप्रापेयं शिवपदगतिर्येन चक्रे स्वभावाद्,
दुष्प्रेक्ष्योऽयं प्रवचनमहासागरो येन दृष्टः ।
दुर्वारेयं कुमतिवनिता वारिता येन सद्यः,
तं सूरीशं भजत सततं हारिभद्राऽभिधेयम् ॥ ६ ॥

ज्ञानागारं प्रथितविभवं छिन्नदारिद्र्यजालं,
लीनं स्वान्तं जिनवरपदे पुष्पसद्भावहेतौ ।
योगाङ्गानां प्रथनपटुताधारकं सुप्रसिद्धं,
सूरीशं तं स्तुतिविषयतां हारिभद्रं प्रकुर्वे ॥ ७ ॥

येनाख्यातः प्रविदितदयाधर्म एषोऽत्रलोके,
येन त्राता सकलजनतादुर्गतौ या पतन्ती ।
येनाऽऽक्रान्ता जलधिवसनानिर्निमित्तोपदेशाद्,
वन्दे नित्यं विबुधविनतं हारिभद्रं यतीन्द्रम् ॥ ८ ॥

मोहाधीनं जगदतिदयः संनिरीक्ष्य क्षमीयः,
तत्क्षेमाय क्षपितविकथो बद्धकक्षः सुलक्षः ।
चक्रे ग्रन्थाँल्ललितविषयान्मोह वैरिप्रणाशान्,
वन्दे नित्यं भविकशरणं हारिभद्रं मुनीन्द्रम् ॥ ९ ॥

सूरि स्तोत्रं मुनिगुणयुतेनाऽजितोदन्वतेदं,
जग्रन्थारं हत कलिमलं मोक्षलक्ष्मीनिशान्तम् ।
श्रोत्राधीनं स्मरणविषयं ये सदा तन्वते तत्,
सम्पद्यन्ते विदित विभवास्ते सुरेन्द्रादि लक्ष्मीम् ॥१०॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સાહિત્યના બોધદાયક પ્રસંગો.

( ગતાંક પૃષ્ઠ ૧૪૬ શરૂ )

શ્રી રૂષભદેવની અર્હંત તરિકેની પ્રથમ દેશના શ્રવણ કરતાં જ મરદમાં જેમ ભરતપુત્ર, રૂષભસેન, મરિચી વિ. ના સંયમ માટે ભાવ થયા, તેમ નારી ગણમાં બ્રાહ્મી–સુંદરી આદિ મહિલાઓને પણ ત્યાગી જીવનનો રસ લાગ્યો.

તરતજ રાજેશ્વર ભરતની અનુમતિ મંગાઇ. સુંદરી સિવાય સૌને હા ભણાઇ. સુંદરી આથી વિસ્મય બની; છતાં વડિલની આજ્ઞા એટલે પાલન કર્યેજ છુટકો. વ્યવહાર નીચે મર્યાદા. નાભિવંશોત્પન્ન માટે એજ કુલાચાર. આમ છતાં કારણ જાણવા તે આતુર બની. તપાસ કરતાં જાણ થઇ કે ચક્રી, અરે વડિલભ્રાતા પોતાને સ્ત્રીરત્ન–ચક્રાના ચાદ રત્નોમાંનું એક–તરિકે સ્થાપવા માગે છે. સંસારાસક્ત આત્માને મન આ વધાઇરૂપ થતે પણ પ્રવ્રજ્યાની લાલસાવાળી સુંદરીને એ પદની શી ગણના! એને તો દીક્ષાના કોડ હતાં, છતાં વડીલની આજ્ઞા પૂર્વક, હસ્તે મુખડે તે લેવી હતી. ભરત તો અત્યારે છ ખંડ ધરતીની સાધનાએ ગયા હતા, પાછા ફરી સુંદરીને સ્ત્રીરત્નપદે નિયુકત કરવાની ભાવનાવાળા હતા; પણ સુંદરીએ તો સમયનો લાભ લઇ જુદુંજ કાર્ય કર્યું. રત્નપદે સ્થાપનાર જે રૂપરાશિ સમું વદન હતું તેને આયંબિલના તપ તપવા પૂર્વક ઓગાળી નાંખ્યું. કાયાનું કલેવર બનાવ્યું. સાઠ હજાર વર્ષો સુધી નિરસ આહારે દેહ ટકાવી, મનમાં જે માર્ગની તમન્ના હતી તેનો માર્ગ મોકળો કર્યો. ભરતે આવી જ્યારે પરિસ્થિતિ નિહાળી કે તરતજ રજા આપી. સુંદરી મોડી મોડી પણ સાધ્વી તો બની. આત્મ બળવડે, લેશમાત્ર વિરૂદ્ધતા વગર ઇપ્સિત સાધ્યું. ભાગવતી દીક્ષા તો આનું નામ. તેણી ધારત તો આથી જૂદો માર્ગ લઇ શકત, પણ વ્યવહારનું ઉલ્લંઘન કરવું પડત. સુંદરીનાથી એ બને તેમ નહોતું. પ્રવ્રજ્યાનો એ રાજમાર્ગ નહોતો. ઉત્તમ કાર્ય તો સ્વજનને સંતોષીને જ કરાયને!

દુનિયામાં કેટલીકવાર એવું સાંભળીએ છીએ કે ફલાણાએ આમ કર્યું નહોત તો અમુક બન્યું તે ન બનત. દેખાતી આ વાત ભલે સલાહરૂપે હોય છતાં ભાવી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધન સંબંધી કઇંક.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

( ગતાંક પૃષ્ટ ૧૫૫ થી શરૂ. )

ખર્ચમાં કરકસર કરવી એ તો ઘણું જ જરૂરી તેમજ સારૂં છે. પરંતુ એ કરકસર એટલી હદે ન પહોંચવી જોઇએ કે તે કંજુસાઇમાં ગણાઇ જાય. તે તો બહુ જ ખરાબ અને હાનિકારક છે. કેટલાક લોકોનો એવો સ્વભાવ હોય છે કે જ્યાં સુધી કોઇ નુકસાનનો સંભવ ન હોય અથવા જ્યાં સુધી ખાસ જરૂરીયાત ન હોય ત્યાં સુધી એક પાઇ ખર્ચવામાં પણ તેઓના પ્રાણ નીકળી જાય છે. એવા લોકોની આવક ઘણી સારી હોય છે, પણ તેના પ્રમાણમાં તેઓનો ખર્ચ ઘણો જ ઓછો હોય છે. એને લઇને થોડા સમયમાંજ તેઓની પાસે સારી રકમ ભેગી થઇ શકે છે. પરંતુ એ રકમ ભેગી કરવા ખાતર તેઓને પોતાના શરીરને તેમજ પરિવાર વિગેરેને બહુ કષ્ટ આપવું પડે છે. તેઓ ઘણું પેદા કરે છે અને તેથી જો ધારે તો ઘણી સારી રીતે આરામથી રહી શકે છે, પરંતુ તેઓ પોતે આરામથી રહેવાનું જાણતા નથી. તેમજ પોતાના કુટુંબના લોકોને પણ આરામથી રહેવા દેતા નથી.

---

ભાવને વીણસાડવાની શક્તિ કોઇપણ વ્યક્તિમાં ન હોવાથી હોણહારમાં જરાપણ મીનમેખ થતી નથી. વિચારોને કે ભરતેશ્વરે મુનિશ્રી મરિચીને વાંદ્યા નહોત, અરે તેમની ત્રણ પદવીનો ખ્યાલ ન આપ્યો હોત, અગર તે ચરમ જીન થવાના છે એટલી નાનીશી વાત ઉચ્ચારી નહોત તો કેવું સારૂં થાત ! મરિચીને ન તો ગોત્ર-મદ કરવો પડત કે નતો તે દ્વારા ભવભ્રમણમાં વધારો થતે ! પણ વિધિના લેખ મિથ્યા થાય શી રીતે !

જે ત્રિદંડીક વેષને આજે આપણે મિથ્યાદૃષ્ટિની કોટિમાં મૂકીએ છીએ તેના મૂળ સ્થાપક તો મહાનુભાવ મારચી ને ! પ્રારંભની એમની ભાવનાઓ સારી હોઇ, પોતાનું ન્યૂનપણું દેખાડવા માટેજ એ વેષનું નિર્માણ કરેલું છતાં દિવસ જતાં મૂળ સ્થિતિ પલટાઇ, અને પાછળથી એમાં નવિન મતના કદાગ્રહરૂપી કાળા-પાણીનો યોગ થયો, જેને કેટલીયેવાર મરિચીના આત્માને એ વેષનું પરિધાન કરાવ્યું. માનવબુદ્ધિ વિધિના અદૃશ્ય લેખ વાંચી નથી શકતી તેથી, કદાચ કહી દે કે આમ ન કર્યું હોત તો આમ ન બનત પણ ભાઇ, ભાવી આમ મિથ્યા નથી થતું. લલાટના લેખ આગળ વિદ્વાન્ પણ ગોથાં ખાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા લોકોના સંતાનો તેઓની આંખ બંધ થયા બાદ સઘળી સંપત્તિ સ્વાહા કરી દે છે. જે દ્રવ્ય તેઓએ પોતાના જીવનમાં અત્યંત દુઃખ વેઠીને પાઇ પાઇ કરીને ભેગુ કર્યું હોય છે તે બધું જોત જોતામાં બિલકુલ નષ્ટ થઇ જાય છે. ઘણે ભાગે એવું જોવામાં આવે છે કે અતિશય કૃપણુતા પૂર્વક ભેગું કરેલું દ્રવ્ય વધારે સમય ટકતું નથી.

કૃપણુતામાં એ દોષ હોવા ઉપરાંત બીજો મહાન્ દોષ એ છે કે તેનાથી પોતાનો ઉદ્દેશ્ય પણ સિદ્ધ નથી થતો. અર્થાત્ જે લોકો કંજુસાઇ કરવા ઇચ્છે છે તેઓ તે સંબંધી ચિંતામાં જ પોતાની જાતને ઘણું નુકસાન કરી બેસે છે.

કરકસર અને કંજુસાઇમાં ભારે તફાવત છે. કરકસર ઘણી જ જરૂરી અને ઉપયોગી છે અને તેનું પરિણામ પણ ઘણું સરસ હોય છે. ઘણી જ બુદ્ધિમત્તા પૂર્વક અને વિચારપૂર્વક ખર્ચ કરવો તેનું નામ કરકસર છે. કંજુસાઇની સઘળી વાતો તેનાથી ઉલ્ટી છે. કરકસરથી મનુષ્યને આર્થિક લાભ થાય છે, પરંતુ કંજુસાઇથી નુકશાન થાય છે, ઘણાં લોકો કેવળ પોતાની કંજુસાઇને લઇને જ પોતાના વેપાર અને સ્વાસ્થ્ય વિગેરેને ઘણી હાનિ પહોંચાડે છે, પરંતુ જે લોકો સમજુ અને વિચારશીલ હોય છે તેઓ યોગ્ય સમયે થોડો ખર્ચ કરીને યથેષ્ટ લાભ લઇ લે છે. એક સજ્જને પોતાની કંજુસાઇને લઇને સો દોઢસો રૂપિયાનો ખર્ચ ન કર્યો તેનું ફળ એ આવ્યું કે તે એક હજાર રૂપિયાનો મુકર્દમો હારી ગયો. પાછળથી એ મુકર્દમા માટે તેણે મોટી અદાલતમાં પાંચસો રૂપિયા ખર્ચ્યા, પરંતુ પરિણામ શૂન્ય આવ્યું. હવે જો તેણે પહેલી વખત સો દોઢસો રૂપિયા ખર્ચ્યા હોત તો મુકર્દમો જીતી જાત અને પાછળથી જે ખર્ચ કરવો પડયો તે ખર્ચમાંથી બચી જાત. પણ બિચારાને તેની કંજુસાઇ નડી. એક સજ્જન એવા છે કે જે કોઇ ચીજ ખરીદતી વખતે એક-બે આનાનો ફાયદો કરવા માટે એક કલાક સુધી અહિંથી તહીં ફર્યા કરે છે. એટલા સમયમાં તો એ ધારે તો એક બે રૂપિયા પેદા કરી શકે. એક બીજા મહાશયે કંજુસાઇને લઇને પોતાના મકાનની દીવાલમાં ફાડ પડી હતી તે બે વર્ષ સુધી સમરાવી નહિ. ત્રીજે વર્ષે તેનું આખું મકાન તુટી પડયું જેમાં તેના કુટુંબનો કોઇ માણુસ પણ દબાઇને મરી ગયો. આ જાતની કંજુસાઇ શું કામની ? આજ કાલ તો ઘણા પ્રસંગે ઉદારતાથી જ સારૂં કામ થાય છે. વળી કરકસરનો એવો અર્થ નથી કે આપણે જરૂરી ખર્ચ પણ ન કરવો. કરકસરના વિચારથી જરૂરી તેમજ બીન જરૂરી ખર્ચનો તફાવત નહિં સમજવાથી તેમજ બધી જગ્યાએ પૈસા બચાવવાની ચિંતામાં જ લાગ્યા રહેવાથી ઘણું જ આર્થિક નુકશાન થાય છે. એક વિદ્વાન મહાશયનો ઉપદેશ છે કે જ્યાં બે આના ખર્ચવાથી એક રૂપિયાનો લાભ થઇ શકતો હોય ત્યાં બે આનાનો વિચાર ન કરવો. ઘણા વેપારીઓ બે ચાર આનાનો ચા-પાનનો ખર્ચ કરીને અનેક ગ્રાહ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોને સદાને માટે પોતાના કરી લે છે, અને તેનાથી ખુબ લાભ ઉઠાવે છે, પરંતુ કંજુસ માણસને તો ગમે તેટલું નુકશાન થઇ જાય તો પણ તે કદિપણ એક પાઇનો ઘસારો નહિ ખાય એ અનુભવ સિદ્ધ વાત છે.

કોઇ મનુષ્યે કંજુસ ન થવું જોઇએ તેમજ અપવ્યયી પણ ન થવું જોઇએ. પોતાનો ખર્ચ પોતાની આવક કરતાં વધારવો ન જોઇએ અને હંમેશાં જરૂરી તેમજ સારાં કાર્યોમાં ખર્ચ કરવો જોઇએ. આવક ખર્ચનો હંમેશાં હીસાબ રાખવો જોઇએ. ઘણા લોકો કેવળ હિસાબ નહિ રાખવાને લઇને જ અપવ્યય કરે છે. તેઓને પોતાના આવક ખર્ચની ખબર જ નથી રહેતી. તેઓ તો મનમાન્યો ખર્ચ કર્યે જાય છે. એવા મનુષ્યો એકાદ બે માસ હીસાબ રાખીને ખર્ચ કરે તો તેઓનો અપવ્યય તરતજ અટકી જાય. અપવ્યય કરનારને એક નુકશાન એ પણ થાય છે કે અનેક પ્રસંગે તેઓને પોતાની ઇચ્છા વિરૂદ્ધ થોડો ઘણો ખર્ચ કરવો પડે છે. પહેલાં તો તેઓની ઉદારતાની પ્રસિદ્ધિ થાય છે અને પછી ગરીબ લોકો તેની પાસે મદદ માગવા માટે આવવા લાગે છે. ભાઈબંધ દોસ્તદારો પણ એવા લોકો પાસે જ માગણી કરે છે, પરંતુ મનુષ્યના સંબંધમાં સૌ લોકો એમ જાણે છે કે, તે ખૂબ વિચારપૂર્વક ખર્ચ કરે છે તેની પાસે કોઇ પણ નકામા ખર્ચ કરાવવાની હિંમત કરી શકતું નથી. કેવળ વેપારની જરૂરીઆતો સિવાય બીજી સઘળી સ્થિતિમાં એવો નિશ્ચય કરવામાં આવે છે કે કદિ પણ કોઇની પાસેથી કોઇ ચીજ ઉધાર ન ખરીદવી અથવા કોઇનું કરજ ન કરવું, તો પણ અપવ્યયથી થોડું ઘણું રક્ષણ થશે. ઘણા લોકો વધારે અપવ્યયી થાય છે તેનું કારણ એ પણ છે કે તેઓને કરજ કરવાથી રૂપિયા મળી શકે છે. જો કોઇ રીતે તેઓને કરજ ઉપર રૂપિયા મળવાનું બંધ થઇ જાય તો તેઓનો અપવ્યય પણ તરતજ બંધ થઇ જાય છે.

રૂપિઆની લેણદેણના સંબંધમાં પણ મનુષ્યે હમેશાં ઘણા જ સાવધાન રહેવું જોઇએ. પ્રત્યેક માણસને બરાબર વખતસર રૂપિયા ચુકાવી દેવા જોઈએ. વેપારીઓને માટે તો એ વાત અત્યંત આવશ્યક છે; કેમકે ઘણે ભાગે વેપારનો મોટો ભાગ પોતાની આબરૂ ઉપર જ નિર્ભર હોય છે અને આબરૂ તો એની જ રહે છે કે જે પોતાનું દેવું બરાબર નિયમિત વખતે અદા કરી દે છે. તેજ માણસ બજારમાંથી હજારો કે લાખો રૂપિયાનો માલ લાવી શકે છે અને તેનાથી તે ઘણો લાભ ઉઠાવી શકે છે; પરંતુ જે વેપારી લેણદારોને લેણા માટે ખૂબ ધક્કા ખવરાવે છે, સાચા ખોટા વાયદા આપે છે, અથવા દેવું ચુકાવવાના ડરથી હિસાબમાં ભૂલો કાઢે છે તેનો વિશ્વાસ રહેતો નથી અને લોકો એની સાથે લેણદેણમાં ઉતરતાં બ્હીએ છે. આવા મનુષ્યને કોઇ વખત આર્થિક તેમજ વ્યાપારિક દૃષ્ટિએ ઘણું જ નુકસાન થાય છે. વેપારીઓએ કદિ પણ બહુ મોટા નફાની લાલચમાં ન પડવું જોઈએ. જે વેપારી બહુ મોટો નફો લેવા ધારે છે તેને ત્યાં ઘરાકી પણ ઘણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓછી રહેવાની એ વાત ચોક્કસ છે. વેપારનો એક મુખ્ય સિદ્ધાંત છે કે નફો જેટલો ઓછો લેવામાં આવે તેટલી વેપારમાં પ્રગતિ અને વૃદ્ધિ થાય છે. ઘણા વેપારીઓ વધારે નફાની આશામાંજ પોતાનો માલ વેચતા નથી અને પછી ભાવ ઘટી જાય છે ત્યારે મોટી નુકશાનીમાં ઉતરે છે. પૈસાની લાલચ સઘળી સ્થિતિમાં અને ખાસ કરીને વેપારમાં ઘણીજ નુકશાનકારક નીવડે છે.

અપાત્ર અથવા કુપાત્રની પાસે દ્રવ્ય કદિપણ નથી રહેતું. જે લોકો ધનવાન બનવા ઇચ્છતા હોય તેમણે સૌથી પહેલાં પાત્રતા પ્રાપ્ત કરવી જોઇએ. જ્યાં સુધી મનુષ્યમાં પાત્રતા નથી હોતી ત્યાં સુધી તેને ધન મળી શકતું નથી. અને કદિ કોઇ પ્રકારે મળી જાય તો લાંબા વખત સુધી ટકતું નથી. ઘણા લોકોને પોતાના બાપદાદાની કમાણીનું ધન મળે છે; પરંતુ તેઓમાં પાત્રતાનો અભાવ હોવાને લઇને થોડા સમયમાંજ તે ધન નષ્ટ થઇ જાય છે. જેવી રીતે નાલાયક અથવા અપાત્ર મનુષ્ય કોઇ પણ કાર્ય નથી કરી શકતો તેવીજ રીતે તે ધન પણ જાળવી નથી શકતો. પાત્રતા પ્રાપ્ત થવા પછી જો મનુષ્યની પાસે ધન આવે છે તો તે તેનીપાસે જરૂર ટકી રહે છે. તે સમયે તેણે બે બાબત ખાસ ધ્યાનમાં રાખવી જોઇએ. એક તો એ કે ધન પ્રાપ્ત કરીને કદિ પણ અભિમાન ન કરવું જોઇએ. વિદ્યા અથવા બુદ્ધિનું અભિમાન એટલું બધું નિન્દનીય નથી ગણાતું, કેમકે વિદ્યા અથવા બુદ્ધિની પ્રાપ્તિ થયા પછી તેનો નાશ સહજ નથી. વળી તે અભિમાનને લઇને ભવિષ્યમાં આપણે કોઇ વખત પણ શરમાવું નથી પડતું. પરંતુ ધનના સંબંધમાં એવું નથી. લક્ષ્મી અતિ ચંચળ અને ચપળ છે. તે કદિપણ એક સ્થાને સ્થિર રહેતી નથી અને રહી નથી. વિદ્યા કે બુદ્ધિની માફક એ સ્થાયી નથી. જે મનુષ્ય આજે લક્ષાધિપતિ ગણાય છે તે આવતી કાલેજ દરિદ્ર બની જાય એ બનવાજોગ છે. એટલા માટે ધનવાન બનીને અભિમાની બનવું એ મહાન્ મૂર્ખતા છે. યોગ્યજ કહ્યું છે કે—

आपद्गतं हससि किं द्रविणांधमूढ
लक्ष्मी स्थिरा न भवतीति किमत्रचित्रं ।
एतान्न पश्यसि घटान् जलयंत्रचक्रे
रिक्ता भवन्ति भरिता भरिताश्च रिक्ताः ॥

અર્થાત્ હે દ્રવ્યના મદથી અંધ થયેલ મૂર્ખ માણસ ! તું બીજાઓને વિપત્તિમાં જોઇને હસ મા. લક્ષ્મી કદિપણ સ્થિર નથી રહેતી એમાં કાંઇ નવાઇ નથી. જલયંત્રના ચક્ર ઉપર બાંધેલા ઘડા તરફ નજર કર. ભરેલા ઘડાઓ ખાલી થાય છે અને ખાલી થયેલા ઘડાઓ ભરાતા જાય છે.

બીજી વાત એ છે કે ધનનો સદુપયોગ થવો જોઇએ અને પરોપકારનાં કાર્યો કરતાં ધનનો બીજો કોઇ ઉપયોગ સારો નથી. જો ખરૂં કહીએ તો પરોપકાર કરવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ તો પ્રત્યેક મનુષ્યનું કર્ત્તવ્ય છે; અને ખાસ કરીને જે મનુષ્યની પાસે યથેષ્ટ ધન હોય છે તેને માટે તો પરોપકાર પરમ કર્તવ્ય છે. જે મનુષ્યની પાસે ધન હોય તેની ફરજ છે કે તેણે ભૂખ્યાઓને અન્ન આપવું, વસ્ત્રહીનને વસ્ત્ર આપવા, રોગીઓને ઓસડ વિગેરે 'આપવું .અને અભણ લોકોને કેળવણી આપવી. સંસારમાં વિદ્યાદાનથી ચઢીયાતું બીજું કોઇ દાન નથી. કોઈ પણ માણસને આપત્તિથી બચાવવા માટે ધનનો ઉપયોગ કરવો એ પણ મહાપુણ્યનું કાર્ય છે. તો પણ પરોપકાર અને દાન મનુષ્યે ખૂબ વિચારપૂર્વક કરવા જોઇએ. ભારતવાસીઓના અને ખાસ કરીને હિન્દુઓના દાન અને પરોપકાર કેટલીક વખત નામ માત્રના જ હોય છે. આપણા લોકો દાન અને પરોપકાર કરતી વખતે પાત્રાપાત્રનો વિચારજ નથી કરતા. એ મોટી ભૂલ છે. દાન અને પરોપકાર જ્યાં સુધી ખૂબ વિચારપૂર્વક અને બુદ્ધિમત્તાપૂર્વક નથી કરવામાં આવતા ત્યાંસુધી તેનાથી કશો લાભ થતો નથી ઉલ્ટું થોડું ઘણું નકશાન થવા સંભવ છે. એટલા માટે એ સંબંધમાં ધનવાન લોકોએ ખૂબ સાવધાની રાખવી જોઇએ. **સંપૂર્ણ.**

# હવે........ક્યારે ?

( રાગ—કવ્વાલી ).

જુઠા હેતુ લઇ કલ્પી, જગતના કૈંક પ્રાણીને;
નકામા દુઃખમાં પીલ્યા, હવે સુખ અર્પશું ક્યારે ? ( ૧ )
રહી પર આશરે જીવ્યા, પ્રીતે આનંદમાં મ્હાલ્યા;
ન સાધ્યા કાર્ય નિજ હસ્તે, હવે તે સાધશું ક્યારે ? ( ૨ )
બહુ જનના થયા રૂણી, ન સેવા કોઇની કીધી;
સ્વપરના સુખ સહુ ભૂલ્યા, સ્મરીશું તે હવે ક્યારે ? ( ૩ )
સગા સ્નેહી સહુ મ્હારા, સદા મુજ સુખ જોનારા;
ગણી નિશ્ચિંત બહુ જીવ્યા, હવે તો ચેતશું ક્યારે ? ( ૪ )
પરાયી સ્હાયની બેડી, ઘણોયે કાલ, હા ! પ્હેરી;
પ્રકાશી આત્મની જ્યોતી, હવે સ્વાલંબશું ક્યારે ? ( ૫ )
સુખોના સ્વપ્ન સૌ ભૂલી, દુઃખોના ડુંગરો તોડી;
વધાવી વિપત્તિ વાદળ, ધપીશું જગતમાં ક્યારે ? ( ૬ )
ન આશા કોઇની કરતા, સ્વશક્તિઓ સદા ફોરી;
નવેલું સુખ હા '**નિર્મળ**' અનુભવશું હવે ક્યારે ? ( ૭ )

રા. નિર્મળ.

**વાડીલાલ જીવાભાઇ ચોકશી—ખંભાત.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સર્વ નાશનું મૂળ.

જે વખતે અખીલ ભારત ઉપર રજપુત રાજાઓ પોતાની આણ ફેરવી રહ્યા હતા, જે વખતે હિંદ હિંદુઓથી મઘમઘી રહ્યું હતું, જે વખતે ભારત સ્વતંત્રતાની બંસી બજાવી રહ્યું હતું, જે વખતે દિલ્હી અજમેર ને કનોજના રજપુત રાજાઓ ઐકયતાની સાંકળથી બંધાએલા હતા, જે વખતે ચોહાણ અને રાઠોડ વીરો પરસ્પર સહાય આપી દુશ્મનોને હંફાવતા હતા, તે વખતે કોઇપણની તાકાત ન હતી કે હિંદ તરફ આંખ પણ ફેરવી શકે ? પરંતુ દુર્ભાગ્યે માત્ર એક રજપુત કન્યા ( સંયુક્તા ) માટે આપસ આપસ લડાઇઓ કરી, અંદર અંદર વેર ઝેર વધારી, ઐકયતાનો નાશ કરી, કુસંપરૂપી કીડાને ઉત્પન્ન કરી, પૃથ્વીરાજ અને જયચંદ્ર બળહીન થયા. તે તકનો લાભ લઈ સરહદપરથી શાહબુદિન ઘોરીએ હિંદમાં પગ પેસારો કર્યો, હિંદુ રાજ્યોને પરતંત્રતાની જંજીરોમાં નાખ્યા.

જગતભરના ઇતિહાસનું અવલોકન કરતાં જણાય છે કે કોઇપણ રાષ્ટ્ર, કોઈપણ કોમ અગર કોઇપણ સમાજનું જો અધઃપતન થયું હોય તો તેમના આંતરિક કજીયાઓને લીધેજ.

હવે આધુનિક સમયનો વિચાર કરીએ તો જ્યાંસુધી હિંદમાં હિંદુ અને મુસલમાનો આપસઆપસ લડયા કરશે, ગૌવધ તથા મસજીદો પાસે વાજા વગાડવાની ગરમાગરમ ચર્ચાઓ ઉપસ્થિત કર્યા કરશે, એક બીજી કોમ પોતાને હિંદી તરીકે ઓળખતા નહિ શીખે, હાથમાં હાથ મીલાવી અરસપરસનો ભેદ નહિ તોડે ત્યાંસુધી હિંદ કદાપી ઉદયને શિખરે પહોંચી શકશે નહિ. દેશની આબાદી થશે નહિ, અને સુખનો ખરો માર્ગ જડશે નહિ. દેશના મહાન નેતાઓ હિંદને સંસ્થાનિક સ્વરાજ્ય ( Dominion States ) અગર સંપૂર્ણ સ્વતંત્રતા ( Independence ) અપાવવા માટે તનતોડ પ્રયાસ કરી રહ્યા છે, હિંદુ મુસલમાનને એકસંપમાં લાવવા માટે અંતરના લોહી એક કરી રહ્યા છે, ત્યારે જૈન સમાજ આપણુ સ્થાન કયાં છે ? ઉન્નતિને આરે છે કે અવનતિના ખાડામાં છે, આપણા પોતાનાજ દેશીભાઇઓનું અનુકરણ કરીને, બીજી કોમોની પાછળ પાછળ ચાલીને આપણે જરૂર આગે કુચ કરવી પડશે. દુર્દશાની ગર્તામાંથી જરૂર બહાર નીકળવું પડશે.

શ્વેતાંબર અને દિગંબરોના કજીયાઓને દેશવટો આપવો પડશે. યોગ્ય દિક્ષા અને અયોગ્ય દિક્ષાઓની પ્રવૃત્તિરૂપ ચર્ચાઓનો ત્યાગ કરવો પડશે. ધર્મને નામે સમાજને આપત્તિમાં ફેંકતા જરૂર અટકવું પડશે.

જ્યાંસુધી કુસંપરૂપી કીડો સમાજને કોતરતો હશે ત્યાંસુધી આપણી ઉપર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા સમાજ ઉપર, આપણી સાધુ સંસ્થા ઉપર, આપણા તિર્થો ઉપર હુમલાઓ થયા કરશે, અને તે હુમલાઓનો સામો જવાબ આપવાને આપણું બળ, આપણી શક્તિ અને આપણી લક્ષ્મીને વધારવી પડશે.

શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી જેવા પ્રતિભાશાળી ચારિત્રવાન મહાત્માને વિકારવશ ચીતરાય છે, **કલાને નામે ઇતિહાસનું ખૂન થાય છે,** તે આપણી નબળાઇનું પરીણામ છે, આપણા આંતરિક કુસંપનો પ્રત્યાઘાત છે. માટે ઓ જૈન સમાજ ! વિચાર કર, તારી નબળી દશા ઉપર હુમલા કરવાની તક લેવાય છે.

બીજી કોમો કેટલી દીનપ્રતિદીન આગળ વધતી જાય છે. તેનો કદી વિચાર કર્યો છે ?

આર્યસમાજીઓ, સનાતનીઓ, મીશનરીઓ પોતાના ધર્મના ફેલાવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે. લંડનના કંગાલ તથા પતિત દુખીજનોના ઉદ્ધાર માટે **જનરલ બુથે** મુક્તિફોજ નામનું મંડળ ઉભું કર્યું છે, તેના કાર્યકર્તાઓ દુખીને દીલાસો આપવાનું, પતિતને પાવન કરવાનું, ભુખ્યાને ખવડાવવાનું, માંદાની સારવાર કરવાનું, બેકાર માણસોને કામે વળગાડવાનું વગેરે પ્રવૃત્તિઓ શરૂ કરી રહ્યા છે. **પીડિત માણસોને ધર્મ શીખવવા પહેલાં તેના દુખનું નિવારણ કરવું જોઇએ. તે મુકિતફોજનું આદર્શ સૂત્ર છે.** તેઓએ હિંદના જુદા જુદા વિભાગોમાં પોતાની સંસ્થાઓ સ્થાપી છે. ઉત્તરવિભાગ, દક્ષિણવિભાગ, પશ્ચિમવિભાગ તથા મદ્રાસ અને તેલંગુવિભાગમાં દવાખાનાંઓ, સ્કુલો, આરોગ્યભુવનો બનાવી માણસોને પોતાના ધર્મમાં ભેળવવાને આકર્ષણ કરે છે, ત્યારે આપણે છે તે પણ ગુમાવવા તૈયાર થઇ રહ્યા છીએ.

વનસ્પતિ ચાર પ્રાણવાળો એકેંદ્રિય જીવ છે તે જૈનશાસ્ત્ર અદ્યાપિપર્યંત કથી રહ્યું છે. તે હાલમાં સર જગદીશચંદ્ર બોઝે સાબીત કરી આપ્યું છે કે વનસ્પતિમાં જીવ છે. વૃક્ષો હસે છે, ખાય છે, પીએ છે, રડે છે, અને દરેક ક્રિયાઓ કરે છે. આપણા ઉપવાસોથી શારિરીક તેમજ માનસિક લાભો થાય છે, તે નકોડા ઉપવાસોથી અમેરીકામાં હાલ દરદીઓને સાજા કરાય છે. અને ઉપવાસના અખતરા કરી રહ્યા છે. આપણા આયંબિલોથી શ્રીપાળ મહારાજાનો કોઢનો રોગ ગયો તેવી રીતે ત્વચાની સર્વ વ્યાધીઓ નાશ પામે છે. જૈનો જાગો. આપણા સિદ્ધાંતો જૈનેતર પ્રજાને બતાવો. જૈનેતર પ્રજાઓ સાહિત્યનો ઉંડો અભ્યાસ કરી નવી નવી શોધો કરે છે ત્યારે આપણે બાપદાદાનો મળેલો વારસો ગુમાવવા તૈયાર થયા છીએ. **આપસ આપસના ઝઘડાઓ એ સર્વ નાશનું મૂળ છે.** માટે યાદ રાખો કે:-

છે ભિન્નતામાં ખિન્નતા ને ઐક્યતામાં દિવ્યતા,
ચાહો કદી જો દિવ્યતા, તો પૂર્ણ સાધો ઐક્યતા.

લેખક—**જગજીવન વીરચંદ ઝવેરી** જૈન ગુરૂકુળ—પાલીતાણા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# परदारा.

( પદ )

સ્વદારા સંતોષધરીને, પરદારા તજ પ્રાણી રે;
પ્રીત ભલી નહિ પરદારાની, ઘોર નરકની ખાણી રે. સ્વદારા. ૧
તન ધન જોબન તણી ખુવારી, ચિત્ત ભ્રમિત થઇ જાએ રે;
પરનારી ચિંતવતાં ચિત્તમાં, લોહ પનોતી પાએ રે. સ્વદારા. ૨
પરનારી વશ પડી પ્રાણીઓ, વહે પાપ શિર ભારે રે;
જૂઠી યારી પરનારીની, જગત જૂતીઓ મારે રે. સ્વદારા. ૩
મૂષક કરડે સાપ કરંડીઓ, તજી નિજ દરના દાણા રે;
નિજ નારી છંડી પરદારા, સેવે નહિ કોઇ શાણા રે. સ્વદારા. ૪
દ્રોહ કરી નિજ નારી કેરો, જે સેવે પરદારા રે;
હડધૂત બહુ થાય જગતમાં, કામી કુળ અંગારા રે. સ્વદારા. ૫
પ્રમેહ, ચાંદી, ક્ષય ટાંકી સમ, દર્દ ભયંકર ભારે રે;
વિષમ વેદના લંપટ વેઠી, તોબા હાય પોકારે રે. સ્વદારા. ૬
ભાગભરે દુઃખમાં નિજ નારી, સદૈવ સાથ રહેનારી રે;
પિશાચણી સમ છે પરદારા, કેવળ સુખ હરનારી રે. સ્વદારા. ૭
વીસારી નિજનારી લંપટ, પરનારીમાં મોહતા રે;
નિર્મળ નીર તજી ગંગાનું, જઇ ખાળે મુખ ધોતા રે. સ્વદારા. ૮
લંપટ નિર્લજ કામી અંધા, પરદારાના સંગી રે;
જગ દૃષ્ટિએ દીસે જેવા, વિષ્ટા વહેતા ભંગી રે. સ્વદારા. ૯
રાવણ સમ રણવીર રોળાયો, સતી જાનકી હરતાં રે;
મુકુટ સહિત મસ્તક છેદાયું, પરનારી ચિત્ત ધરતાં રે. સ્વદારા. ૧૦
મદિરા માંસ થકી પણ અધિકું, પાપ કહ્યું પરદારા રે;
સ્વપ્ને પણ સેવે નહિ શાણા, દુર્ગતિથી ડરનારા રે. સ્વદારા. ૧૧
મહાપાપ પરદારા સેવન, દુઃખ દાવાનળ જાણો રે;
ભાર દઇ ભગવંત એમ ભાખે, વચન તસ પ્રમાણો રે. સ્વદારા. ૧૨
પડછાયો પરદારા કેરો, તે માટે સહુ તજજો રે;
નિજનારીમાં રહી સંતોષી, પ્રીતે પ્રભુને ભજજો રે. સ્વદારા. ૧૩

વેજલપૂર-ભરૂચ. } શાહ છગનલાલ નાનચંદ નાણાવટી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સદ્બોધ.

૧ નીતિવાન મનુષ્યો માટે સાદામાં સાદું જીવન ઉચ્ચ આદર્શરૂપ છે.

૨ સાદું જીવન ગાળનાર મનુષ્યો જ આપત્તિમાં પણ નીતિનો ત્યાગ કરતા નથી.

૩ લક્ષ્મી અને માણસાઇ સાથે ભાગ્યેજ રહી શકે છે.

૪ જીવનની જરૂરીઆત માટે લક્ષ્મીની જરૂરીઆત છે છતાં મનુષ્ય લક્ષ્મી સિવાય સંતોષથી સુખમાં જીવન વિતાવી શકે છે. ત્યારે અસંતોષી ગમે તેટલી લક્ષ્મી મળવા છતાં સુખી જીવન ગાળી શકતો નથી.

૫ અસંતોષ એ પાપનું કારણ છે, સંતોષ, સાદું જીવન, અલ્પ જરૂરી-પાપથી બચાવે છે.

૬ મનુષ્યના દુર્ગુણ જોવા કરતાં તેના સદ્ગુણ જોવાથી મનુષ્યત્વ પ્રાપ્ત કરી આગળ વધી શકાય છે.

૭ દુર્ગુણ જોવાના સ્વભાવવાળા ખરી સૌન્દર્યતા જોઇ શકતા નથી, તેમના દુર્ગુણની કાળાશે તેમની આંખ કુદરતના નૈસર્ગિક સૌન્દર્યમાં પણ કાળુંજ જુવે છે.

૮ મનુષ્ય માત્ર અપૂર્ણ હોવાથી સ્હામાના દુર્ગુણનો વિચાર ન કરતાં પોતાનાજ દુર્ગુણ શોધવા. પોતાના દુર્ગુણની શોધ ચિન્તામણી રત્નની શોધ કરતાં પણ વધારે કિંમતી છે. એ શોધમાં આત્મોન્નતિ અને આનંદ રહેલા છે.

૯ બીજાના દોષો તરફ અનુકંપા બતાવવી એ મનુષ્યત્વની ઉદારતા છે.

૧૦ જ્ઞાન કરતાંયે અનુભવ વિશેષ આવકારદાયી છે, ફાયદો કરનાર છે, તેથી સારી વાત કરનારના અંગત દોષ નહી જોતાં સારાસારનો વિચાર કરી સાર વસ્તુ ગ્રહણ કરવી.

૧૧ અપ્રિય વચન દુર્ભાગ્યને આમંત્રે છે.

૧૨ મનુષ્યત્વથી જ સુખ મળે છે. મનુષ્યત્વ સિવાય મહાન્ લક્ષ્મીવાન કે સત્તાવાન પણ સુખ ભોગવી શકતો નથી.

૧૩ દયા પ્રેમ અને ઉદારતાથી મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે.

૧૪ લક્ષ્મી સત્કાર્યો માટે ઉપયોગી અને સુખ આપનાર છે. દુષ્કર્મો અને સંગ્રહ માટે નિરૂપયોગી અને દુઃખ આપનારી બને છે.

૧૫ સંસ્કારથી સદ્જ્ઞાન અને સદ્જ્ઞાનથી ઉચ્ચ ચારિત્ર આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિદ્યાર્થી વિભાગ વાંચન.

## સાચા વિદ્યાર્થી બનવાની ખરી ભાવના

( લેખક–સન્મિત્ર શ્રી કર્પૂરવિજયજી મહારાજ )

૧ જ્યાં સુધી સંપૂર્ણ જ્ઞાન ન સાંપડે ત્યાં સુધી આપણે સહુએ સદ્‌વિદ્યા મેળવવા સદાય ઉદ્યમ કરવો.

૨ આપણા જીવનને પવિત્ર કરે, વિચાર વાણી અને આચાર સુધારવામાં સહાય કરે, આપણા પાપ દોષ ટાળે અને સાચો માર્ગ સુઝાડે તેવી વિદ્યા વિનય બહુમાન સાથે પરોપકારી જ્ઞાની ગુરૂની યોગ્ય સેવા કરીને મેળવી લેવી.

૩ તેવી સાચી વિદ્યા દેનારા જ્ઞાની ગુરૂનો ઉપકાર આખી જીંદગી સુધી ભૂલવો નહીં. તેમની હિત આજ્ઞા માન્ય કરવી અને યોગ્ય વિદ્યાર્થીઓને તેવી પવિત્ર વિદ્યા પ્રેમપૂર્વક કંઇ પણ લોભ–લાલચ વગર હોંશભર આપવી.

૪ ખરા વિદ્યાર્થીમાં કોઇ પ્રકારની બૂરી આદત દુર્વ્યસન ( આભવ પરભવમાં બહુ કષ્ટદાયક અપલક્ષણ ) ચા, કોફી, તમાકુ, બીડી, સીગારેટ, અભક્ષ્યભોજન, વિષયલોલુપતા, મસાલાદાર ખોરાક, નાટક, સીનેમા, અને કામવિકાસ જનક નોવેલોનું વાંચન વિગેરેનો પ્રવેશ થવા ન પામે તેવી સાવચેતી રાખવી જોઇએ.

---

૧૬ બુદ્ધિ વગરનો મનુષ્ય સદ્‌ગુણી હોવા છતાં સુખ મેળવી શકતો નથી.

ભજ મન રે, જીન નામ સુખકારી. ( ૨ )
તપ, જપ, સાધત, કંઇ નહીં લાગે,
ખરચ નહીં દમડી—જીન નામ સુખકારી ભજ મન રે૦
સુખ, સંપત્તિ, સ્હેજે મળતાં,
વિપત્તિ જાય ટળી—જીન નામ સુખકારી ભજ મન રે૦
આત્મોલ્લાસે મનવાંચ્છિત પામે,
આત્મકલ્યાણ કરી—જીન નામ સુખકારી ભજ મન રે૦

કલ્યાણચંદ કેશવલાલ ઝવેરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ તેવા કોઈપણ પ્રકારના દોષથી બચવા પુરતી કાળજી રાખી રહેવા માતાપિતાદિ વડીલોએ અને શિક્ષકોએ પણ લક્ષ રાખવું ઘટે. શરૂઆતમાં ગૃહશિક્ષણ જેવું મળે તેવા સંસ્કાર બાળકોમાં દાખલ થાય છે; તેથીજ તેવે વખતે બાળકોમાં કોઈ જાતના નબળા સંસ્કાર ન પડે તેવી પાકી સંભાળ વડીલોએ રાખવાની જરૂર છે.

## કેળવણી એટલે શું ?

જેથી બુદ્ધિ બળ ખીલે–વિકાસ પામે, ગમે તેવા સંજોગોમાં પણ સુબુદ્ધિ ઉત્પન્ન કરી સાચો માર્ગ સૂઝાડે, હિતાહિત સારી રીતે સમજાય, જેથી અહિત તજીને હિતકારી વાતનોજ આદર કરાય અને વિવેક જાગે, જેથી ખરો સ્વીકાર કરાય, અવગુણને તજી ગુણનો જ આનંદ અને ખરૂં સુખ સાંપડે એનું નામજ કેળવણી.

## કેળવણીના ત્રણ પ્રકાર.

૧ શરીરની ૨ મનની ૩ હૃદયની તેમાં શરીરને યોગ્ય કસરત વિગેરેથી સારી રીતે કસી પોતાનું દરેક કામ જાતેજ કરવા સશકત ( સમર્થ ) બનવું તે કેળવણી.

૨ જેથી હિતાહિત, ગુણદોષ, કર્તવ્ય અકર્તવ્ય સારી રીતે વિચારી સમજી શકાય તે માનસિક કેળવણી. સારૂ વાંચન, મનન ને સત્સંગથી તે લાભ મળે છે.

૩ સાચું તે મારૂં એવો સત્ય તત્વનો આદર જેથી થાય અને મારૂં તેજ સાચું એવો કદાગ્રહ ટળે જેથી શુદ્ધ તત્ત્વની શ્રદ્ધા પ્રકટે અને જેના પરિણામે અહિંસા શુદ્ધ ( દયા ) સત્ય, પ્રમાણિકતા, શીલ (બ્રહ્મચર્ય) સંતોષ, ક્ષમા, નમ્રતા અને સરળતાદિક અનેક સદ્ગુણોનો લાભ મળે તે હૃદય–કેળવણી અથવા આત્મિક કેળવણી કહી શકાય.

૧ શરીર નીરોગીલું રહે તેવી દ્રઢ કાળજી હું હરહંમેશ રાખીશ, ખાનપાન વિગેરે પોતાની પ્રકૃતિને અનુકુળ વાપરીશ, શરીર નિરોગીલું રહે તેવા ખાનપાન સાથે યોગ્ય અંગકસરત પણ કરતો રહીશ; જેથી સ્વકર્તવ્ય કર્મ કરવામાં ઉત્સાહ પૂરતા પ્રમાણમાં બન્યો રહેવા પામે અન્યની આશાએ થોભી રહેવું ન પડે.

૨ દરેક કાર્ય પ્રસંગે હિતાહિતનો વિચાર કરવાપૂર્વક હિતપ્રવૃતિનો આદર અને અહિતનો ત્યાગ કરવા મનની સ્વત: પ્રેરણા થયા કરે એવા ઉત્તમ ગ્રંથનુ વાંચન–મનન કરવા વડે અથવા સત્સંગ વડે મનને કેળવતો રહીશ.

૩ મન અને ઇંદ્રિયોનો માલીક આત્મા દેહમાં વ્યાપી રહેલો શકિત રૂપે અનંત શકિત અને અનંત જ્ઞાનાદિક ગુણોનો સ્વામી છતાં પૂર્વ ભવગત અનેક કર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસના દોષથી દબાયલો દીસે છે, તેને સર્વજ્ઞોકત શાસન મુજબ સંયમના માર્ગે યોજી અનુક્રમે સકળ દોષ મુકત કરવા સતત પ્રયત્નશીલ બનીશ.

૪ અજ્ઞાન, મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને મન વચન કાયાના યોગ–વ્યાપાર વડે જીવ નવાનવા કર્મ બંધન કરતો રહી ભવપરંપરાને વધારતો રહે છે, તેનો સુવિવેકવડે પુરૂષાતન ફોરવી, ત્યાગ કરી આત્માને ઉન્નતિના માર્ગે સ્થાપતો રહીશ.

૫ પોતે સંયમનો માર્ગ આદરી, આત્મશકિત ખીલવી, અન્ય આત્માર્થી બંધુઓને તથા બ્હેનોને પણ ખરા સંયમ માર્ગમાં જોડીશ.

૬ સંયમમાર્ગની જેમ જેમ રક્ષા–પુષ્ટી બનવા પામે તેવા ઉપાયો લેવા બનતી કાળજી રાખીશ.

૭ ગતાનુગતિકતા રૂપ લોક પ્રવાહને તજી તન મનને હૃદયની શુદ્ધિ કરે એવો સત્ય શુદ્ધ માર્ગ સમજી આદરવાનો ખપ કરીશ.

૮ આવી પવિત્ર કેળવણી મેળવી ખરેખરૂં સુખ સંપાદન કરીશ ત્યારે જ તેની સાર્થકતા થશે.

૯ પ્રારંભમાં જ આવી કેળવણી પાળતો બાળવયથી જ સાદાઇ અને સંયમના પવિત્ર પાઠ શીખી હું પોતે માર્ગાનુસારી બનીશ. એટલે માર્ગાનુસારીપણાના ઉત્તમ ગુણોને આદરીશ અને સર્વજ્ઞોકત પવિત્ર ધર્મને લાયક બનવા પ્રયત્ન કરીશ, જેથી દુઃખમુકત થઇને સુખી થઇશ.

૧૦ ઉછાંછળી ક્ષુદ્ર વૃત્તિને તજી ગંભીરતાથી ગુણમાત્રને હંસની જેમ તારવી કાઢતાં શીખીશ. દોષની ઉપેક્ષા કરી ગુણ ગ્રહણ કરીશ.

૧૧ સઘળા અનાચાર દોષો ( દુર્વ્યસનો ) થી દૂર હઠી, સ્વવીર્ય–શકિત વધારી, તેનો બને તેટલો સદુપયોગ સ્વપર હિત માટે કરીશ.

૧૨ ઠંડી અને મિલનસાર પ્રકૃતિને ધારણ કરીશ.

૧૩ લોક નિંદે એવાં કામ તજી અને પ્રશંસા વધે એવાં કામ કરવા બનતું લક્ષ રાખીશ.

૧૪ હલકા વિચારો વડે મનને મલિન કરીશ નહિં; પવિત્ર, ભાવનાવડે મનને પ્રસન્ન રાખીશ; મનને સ્થિર અને શાંત કરીશ.

૧૫ પાપથી તથા લોક–અપવાદથી બ્હીતો રહીશ.

૧૬ માયા–કપટ તજી સરળતા રાખીશ.

૧૭ બનતાં સુધી કોઇની ઉચિત માગણીનો ભંગ નહિં કરૂં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮ ઉત્તમ કુળમર્યાદા લોપીશ નહિં.

૧૯ સહુ જીવ ઉપર દયા અનુકંપા રાખીશ.

૨૦ કોઇનો ખોટો પક્ષ કરીશ નહિં. સાચાનો જ પક્ષ કરીશ. નિર્પક્ષપણે વર્તીશ.

૨૧ સદ્‌ગુણ અને સદ્‌ગુણીનો રાગી બનીશ.

૨૨ સત્ય વાતનો ખૂબ આદર કરીશ.

૨૩ હું પોતે સારી કેળવણી મેળવી સ્વકુટુંબી જનોને પણ જોઇતી કેળવણી આપીશ.

૨૪ કોઇ કામ વગરવિચાર્યું કરીશ નહિં. પણ પરિણામે હિતકારી કાર્ય કરતો રહીશ.

૨૫ ગુણ–દોષ, હિત–અહિત, કાર્ય–અકાર્ય, ઉચિત–અનુચિત, અને ભક્ષ્ય–અભક્ષ્ય વિગેરેને સારી રીતે સમજી લેવા પ્રયત્ન કરીશ.

૨૬ પાકી બુદ્ધિવાળા અનુભવી પુરૂષોને અનુસરીને ચાલીશ; સ્વચ્છંદ વર્તન તજીશ.

૨૭ ગુણી જનોને ઉચિત વિનય સાચવીશ.

૨૮ કાર્ય કુશળ બની સ્વપર હિત સાધતો રહીશ.

૨૯ બીજાએ કરેલ ઉપકારને ભૂલીશ નહિં.

૩૦ સ્વાર્થ તજી તન મન ધનથી પરનો સ્વત: ઉપકાર કરવા તત્પર રહીશ.

૩૧ સર્વ વાતે કુશળતા મેળવવા પ્રયત્ન કરીશ.

૩૨ માતાપિતાદિ વડીલો પ્રત્યે સદા સન્માનની દૃષ્ટિ રાખીશ અને તેમની હિત–શિક્ષાને લક્ષમાં રાખી સદ્‌વર્તન સેવીશ.

૩૩ એ રીતે પવિત્ર કેળવણી મેળવી શરીર, બુદ્ધિ અને આત્માનો વિકાસ કરી માનવભવને સફળ કરવા પ્રયત્ન કરીશ.

૩૪ આ સર્વનો મૂળ પાયો બ્રહ્મચર્ય છે, તેથી શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવા માટે મન અને ઇંદ્રિયોને કાબુમાં રાખવાનો પ્રયત્ન કરીશ, કામ વિકાર પેદા થાય તેવા બધાં સંજોગોથી સાવચેત રહીશ.

૩૫ હસ્તકર્મ, સૃષ્ટિવિરૂદ્ધ કર્મ, અને બાળલગ્ન એ ત્રણે દોષો શરીર, બુદ્ધિ, બળ, આયુષ્ય, અને સુખશાંતિનો નાશ કરી રોગ શોક અને ભારે અશાંતિ ઉત્પન્ન કરે છે, એથી બચવા હું સદા લક્ષ્ય રાખીશ.

૩૬ નબળી સોબત, એકજ પથારીમાં સાથે શયન અને નબળી રમત ગમતથી પણ સ્વવીર્યનો નાશ–બ્રહ્મચર્યનો ભંગ થવા પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૭ યોગ્ય દેખરેખ વગર બચપણમાં જ જો આવી કોઇ નઠારી ટેવ પડી જાય છે, તો કાયા શક્તિહીન બની જવાથી જીવન સાવ નિર્માલ્ય–શુષ્ક–નીરસ થઇ જાય છે.

૩૮ વિદ્યાર્થી–બ્રહ્મચારી જીવન એજ જીવનના પ્રારંભનો સુખમય સમય છે. આ જીવન જેટલું દૃઢ ને પવિત્ર રહેશે તેટલું સુખ ને દીર્ઘાયુ પ્રાપ્ત થવા ઉપરાંત તે મોક્ષદાયક બનશે, એમ સમજી તે તરફ હું અધિક લક્ષ રાખીશ.

૩૯ પુરૂષને ૨૫ વર્ષ પહેલાં અને સ્ત્રીને ૧૬ વર્ષ પહેલાં શરીરની મૂળ ધાતુઓ કાચી હોય છે, તેથી તેટલી ઉમ્મર પહેલાનું લગ્ન વધારે નુકશાનકારક થાય છે. શરીર, બુદ્ધિ અને આત્મવિકાસ સારાં દૃઢ કરવાની સાચવી રાખવા ઇચ્છનારાઓએ ઉક્ત મર્યાદા લોપવી જોઇએ નહિં અન્યથા એમાં અનેક અનિષ્ટ પરિણામ ઉભયને જીવન પર્યંત ભોગવવાં પડે છે.

૪૦ જેઓ ઉક્ત મર્યાદાનું સારીરીતે પાલન કરવા લક્ષ રાખે છે, એઓ જીવન પર્યંત તેનાં અનેક સુંદર પરિણામોનો લાભ મેળવે છે.

૪૧ અખંડ બ્રહ્મચર્ય અર્થાત્ જીવનપર્યંત મન, વચન, કાયાથી શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવાથી વિવેકી આત્મા બહુજ ઉંચી દશાને પામે છે; એવા અનેક સતા અને સતીઓના ઉત્તમ દાખલા આપણને એવી ઉત્તમ દશા પામવા પ્રેરણા કરે છે.

૪૧ વિનયથી વિદ્યાની પ્રાપ્તિ ને સફળતા થાય છે; વિનયહીનને વિદ્યા ફળતી નથી.

૪૩ વિદ્યાગુરૂ અને વિદ્વાનો પ્રત્યે પૂજ્યભાવ ને બહુમાન રાખવાથી, તેમના સદ્ગુણોની પ્રશંસા કરતા રહેવાથી તેમને નમસ્કાર ને ઉચિત સેવાભક્તિ કરવાથી તેમની પ્રસન્નતા ( પ્રસાદ–અનુગ્રહ ) મેળવી શકાશે.

૪૪ ' સા વિદ્યા યા વિમુક્તયે ' જેથી અનાદિ અજ્ઞાન–મિથ્યાભ્રાન્તિ ટળે અને ખરૂં આત્મ–ભાન થવા પામે, જેના પરિણામે અનેક દોષો નાસે અને સદ્ગુણો પ્રકટે એવું શુદ્ધ નિર્દોષ–પવિત્ર જીવન બને તે ખરી વિદ્યા જાણવી.

૪૫ ખરી વિદ્યાથી વિવેક પ્રકટે છે એટલે ગુણદોષની ખરી ઓળખાણ થાય છે. વહેંચણ કરતાં આવડે છે, જેથી અમૃતની જેમ ગુણનો આદર અને ઝેરની જેમ દોષનો ત્યાગ કરવાનું સહેજે બને છે.

૪૬ તેજ ખરો વિદ્વાન છે, જેને ખરી વિદ્યા વરી છે.

૪૭ ખરો વિદ્વાન સાદાઇ ને સંયમને સત્કારે છે.

૪૮ ખરો વિદ્વાન રાગ–દ્વેષને ક્રોધાદિક કષાયોને દૂર કરવા પૂરતું લક્ષ્ય આપે છે.

૪૯ રાગદ્વેષાદિક દોષો પ્રકટ થાય અને વૃદ્ધિ પામે એવાં નિમિત્તોને ખરો વિદ્વાન વશ થતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૦ રાગદ્વેષાદિક વિકારો શાંત થાય–નષ્ટ થાય એવાં નિમિત્તોને ખરો વિદ્વાન સત્કારતો રહે છે.

૫૧ સાદા ને સંયમી જીવનવાળાને હિંસાદિક પાપાચરણથી જેમ બને તેમ પાછા ઓસરવાનું અને અહિંસાદિક સદાચરણના પંથે વળવાનુંજ પસંદ પડે છે, જેથી સ્વપરહિતમાં વધારો થવા પામે છે.

૫૨ મદ–અભિમાન–અહંકારાદિ દોષો ( વિકારો ) ને ગાળવા માટે વિદ્યાનું સેવન કરાય છે. જે વિદ્યાના સેવન–અભ્યાસવડે મદ–અહંકારાદિ દોષો ટળે તેજ વિદ્યા સાચી; વિનય–નમ્રતાથી વિદ્યા શોભી ઉઠે છે.

૫૩ જેમ ક્રોધ તપનું અજીર્ણ લેખાય છે, તેમ મદ–અહંકાર પણ જ્ઞાન અને ક્રિયાનું અજીર્ણ સમજવું.

૫૪ શરીરના, મનના અને આત્માના મળ ને, દોષોને અને વિકારોને શોધી કાઢી તેને નિર્દોષ–નીરોગી બનાવે તેને ખરો વિદ્વાન જાણવો; તે વગર શુકપાઠીઓને તો વેદીઆ ઢોર સમાન લેખવા ઘટે. —( ચાલુ )

## સ્ત્રી વિભાગ વાંચન.

૧ **સ્વાસ્થ્યરક્ષા**—શરીર પાલન સંબંધી શિક્ષણ પ્રથમ આપવું જોઇએ, કારણકે આ દેશની સ્ત્રીઓનું તે ઉપર બીલકુલ લક્ષ નથી જેથી પોતાનું શરીર રક્ષણ કેમ કરવું તેનું જેને જ્ઞાન નથી, તે પોતાની સંતતિની શરીર રક્ષા કરી શકશે તે આશા રાખવી વ્યર્થ છે, અને તેથી જ સરકારના દસદસ વર્ષે વસ્તી પત્રકમાં આંકડાઓ જે આવે છે તેમાં ચાલુ સ્થિતિ તપાસતાં આ દેશમાં બાળકોનું મરણ પ્રમાણ વિશેષ આવતું દેખાય છે. જ્યારે આ દેશની સ્ત્રીઓને શરીર રક્ષા, પાલન, બાળક ઉછેર વગેરે જાતનું શિક્ષણ મળશે ત્યારે જ બાળકોના મરણ પ્રમાણમાં ઘટાડો થશે, તેટલું જ નહિ પરંતુ આજ જે અલ્પવીર્ય, અલ્પબુદ્ધિ, અલ્પાયુ, અલ્પતેજ અને નિરંતર રોગીપણું જે જણાય છે તેને બદલે ઉપરોક્ત શિક્ષણ આપણી બ્હેનોને પ્રથમથી જ જો આપવામાં આવશે, તો તેમના સંતાનો બુદ્ધિમાન, બળવાન, અને દીર્ઘાયુ અને પોતાનું આત્મરક્ષણ કરી શકે તેવા દરેક ગૃહમાં જોઇ શકાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ પાકશાસ્ત્રનું શિક્ષણ પણ સ્ત્રીઓ માટે ઉપયોગી છે, તે બાબતના પુસ્તકો ગુજરાતી ભાષામાં બે ત્રણ પ્રગટ થયા છે, પણ એકલા પુસ્તકોના વાંચનથી તેની નિપુણતા મેળવી શકાતી નથી. સ્ત્રી કન્યાશાળામાં તેના કલાસો અને તેના અનુષ્ઠાનો અને તે જાણનાર અનુભવી બ્હેનોના માસ્તરપણા નીચે તેનું શિક્ષણ આપવું જોઇએ. સાથે જાતીય આચાર, વિચાર સ્વચ્છતા, રીતભાત રિવાજો, સમયોપયોગી સભ્યતાવાળા ગીતાદિનું શિક્ષણ પણ આપવાની તેટલી જ આવશ્યકતા છે.

૩ રોગીયોની માવજત સેવા સંબંધી સ્ત્રીઓ માટેના ખાસ પુસ્તકો નથી, પરંતુ તે માટે સરકાર તરફથી નર્સનું શિક્ષણ અપાય છે, પરીક્ષાઓ થાય છે. તેનો ઉપયોગ મુંબઇ જેવા શહેરમાં માંદગીના પ્રસંગે માત્ર શ્રીમંતો કરી શકે છે, કારણકે તેનો ચાર્જ સામાન્ય મનુષ્ય આપી શકે નહિ અને નાના શહેરો અને ગામડામાં તો નર્સ પણ મળી શકે નહિ ત્યારે તેને બદલે સ્ત્રી શિક્ષણમાં માંદાની માવજત કરવાનું શિક્ષણ, તેની જાણકાર બ્હેનો-નર્સો રાખી દરેક નાના મોટા શહેરો અને ગામડાની કન્યાશાળામાં ઓછા વધતા અંશે આપવાની જરૂરીયાત છે. કારણકે રોગીને શીઘ્ર આરોગ્ય પ્રાપ્ત કરવા માટે આ શિક્ષણની જરૂર છે. ઘરની સ્ત્રીઓ થોડાઘણા કે સંપૂર્ણ અંશે માંદાની માવજત કરવાની જાણકાર હોય તો રોગીયોના રોગ તેથી અડધા થઇ જાય છે. રોગીને પથ્યતાની જેટલી જરૂરીયાત છે, તેથી વિશેષ જરૂર સારવાર-માવજત કરનારની છે.

શિવણ ગુંથણ અને ભરતકામનું શિક્ષણ જેને ઘરગતુ ઉદ્યોગ કહેવામાં આવે છે, આ જાતનું શિક્ષણ કોઇ કોઇ સ્થળે કન્યાશાળાઓમાં અપાય છે તેને બદલે દરેક સ્ત્રી શાળાઓમાં હોવું જોઇએ, સામાન્ય કે ગરીબ સ્થિતિના કુટુંબમાં તો એનાથી કુટુંબના કપડા શિવણ વગેરેનો ખર્ચ ઓછો થાય છે, તેટલું જ નહિ પરંતુ આ શિક્ષણ જો પ્રાપ્ત કર્યું હોય તો આજીવિકાના સાધન વગરની સ્ત્રીઓ આ જાતના ધંધામાંથી પોતાનું કે પોતાના કુટુંબનું ગુજરાન પણ સુખેથી ચલાવી શકે છે. વળી રાંધવા વિગેરે ઘર કામથી પરવારતાં વધેલાં બાકીના ટાઇમે જે કુથલી કે પ્રમાદથી વખત નકામો જાય છે, તેને બદલે તેનો ઉચિત લાભ આથી થાય છે તે સિવાય પણ સ્ત્રીઓના સદાચાર માટે અનેક લાભો સમાયેલ છે.

ધાર્મિક શિક્ષણ-જેનાથી સદાચારીપણું પ્રાપ્ત થાય, અતિથિ સેવા થઇ શકે, તેમજ શ્રાવિકા કર્તવ્ય તરીકે દેવ પૂજા, ગુરૂદર્શન, જૈનોના બાહ્યાચાર, આવશ્યક ક્રિયા, વ્રત, તપ, જપ, નિયમો વગેરેનું જ્ઞાન પણ આનાથી થાય. બીજું ગમે તે શિક્ષણ લેવામાં આવે પરંતુ ધાર્મિક શિક્ષણ વગર તે શુષ્ક છે, તેજ રહિત છે, માટે બાલ્યાવસ્થાથી પ્રથમ ધાર્મિક સંસ્કાર હોવા જોઇએ અને ધાર્મિક શિક્ષણની શરૂઆત પણ ત્યારથી થવી જોઇએ. આ થવા માટે જૈનસમાજ તરફથી ( મુખ્યતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાર્મિક શિક્ષણની રાખી ) જૈન કન્યાશાળાઓ થવી જોઇએ અને તેમાંજ ધાર્મિક શિક્ષણ સાથે ઉપરોકત સ્ત્રી ઉપયોગી શિક્ષણ પદ્ધતિસર અપાવું જોઇએ. આ બધા માટે શિક્ષણની સીરીઓ ઉપરોકત વિષયો ધ્યાનમાં રાખીને રચાવી જોઇએ. આટલું બને તો તેના ઉચ્ચ ફળ સમાજ દેખી શકે, તેટલું નહિ પરંતુ શ્રાવિકારત્ન, જૈન કુળ ભુષણ ગૃહિણી કે આદર્શ સ્ત્રી તો જ બનો શકે. આ બધું ઠીક પરંતુ પતિવ્રતા સ્ત્રીઓનું કર્તવ્ય જાણવા માટે જૈન કે ઇતર સાહિત્યમાંથી પ્રભાવિક સ્ત્રીઓ, સતી સ્ત્રીઓના ચરિત્રો, કથાઓનું શિક્ષણ આપવું જોઇએ; મનનપૂર્વક તે વાંચવું જોઇએ. કારણ કે તેવા ઘણા ખરા ગ્રંથોમાંથી સ્ત્રી કર્તવ્ય, આચાર વિચાર, શીલ–સદાચાર, રીતભાત, લોકચરિત્રનું જ્ઞાન થવા સાથે સદાચારી ધર્મી મનુષ્યને વિપત્તિ પડતાં પોતાના શીલનું રક્ષણ તેઓ કેવી ચમત્કારીક રીતે કરી શકે છે, અને અધર્મી મનુષ્યોના છેવટે કેવા હાલ થાય છે વિગેરેનું ભાન તે તે જાતના શિક્ષાપ્રદ અનેક ગ્રંથોના પઠન પાઠનથી મળી શકે છે માટે તેની જરૂર છે. હવે છેવટે ગૃહિણીનું કર્તવ્ય કેવું હોવું જોઇએ તેના શિક્ષણની પણ જરૂર છે તે હવે પછી. ( ચાલુ )

# વર્તમાન સમાચાર.

શ્રી સ્થંભતીર્થથી શ્રી સંઘ સિદ્ધાચળજી તીર્થે શ્રીમાન્ આચાર્ય વિજયનેમિ સૂરીશ્વરજી વગેરે મુનિ મહારાજાઓ, સાધ્વી મહારાજ સાથે માગશર વદી ૩ ના રોજ નીકળી પોષ શુદ ૧૦ ના રોજ આનંદપૂર્વક પહોંચ્યો છે. સંઘવી તારાચંદ સાકરચંદે પોતાની આર્થિક સ્થિતિ કરતાં વિશેષ ઉદારતા બતાવી ભક્તિ કરી છે. સંઘના દરેક મુકામે આચાર્ય મહારાજશ્રી વિજયનેમિ-સૂરીશ્વરજીની અમૃતમયવાણીનું પાન અનેક જૈન જૈનેતરોએ કર્યું છે. વળા અને પાલીતાણામાં રાજ્ય અધિકારીઓએ પણ સંઘના સામૈયામાં આવી વગેરેથી ભક્તિભાવ બતાવ્યો હતો.

---

શ્રી રાધનપુરથી શ્રી સિદ્ધાચળજી તીર્થે આવવા નીકળેલો સંઘ રાધનપુર નિવાસી શ્રીયુત શેઠ જીવતલાલ પ્રતાપશીએ પોષ શુદ ૧૧ ના રોજ અનેક સાધુ સાધ્વી મહારાજ સાથે સંઘ કાઢયો છે. સાથે પંન્યાસજી ભકિતવિજયજી મહારાજ વગેરે સંઘમાં યાત્રાળુ ભાઇઓ, બ્હેનો વગેરે વળાવીયા, ગાડાવાળા, નોકરો ચાકરો મળી શુમારે એક હજાર માણસો છે. બંધુ જીવત-લાલભાઇ શ્રીમંત, ઉદાર, અને દેવગુરૂધર્મના પૂર્ણ ભક્ત હોવાથી ઉદારતા ઉત્સાહ ઉચ્ચભાવના અને ભક્તિ કરવા માટે લક્ષ્મીનો ઉત્તમ પ્રકારે છુટથી વ્યય આ ઉત્તમ કાર્યમાં કરે છે. સંઘમાં હાથી, અંબાડી, દેરાસર, પ્રભુજી વગેરે સાથે છે. ભોજક અને પૂજા ભણાવનારા ગાયકો પણ સાથે હોવાથી દરેક મુકામે પૂજા ભણાવવા વગેરેથી દેવભક્તિ પણ પ્રમોદપૂર્વક થાય છે. આ સંઘ પ્રયાણમાં એક હકીકત ખાસ નોંધવા જેવી એ છે જે સંઘવી જીવતલાલભાઇ શ્રી સંઘ સહિત બજાણા શહેરમાં આવતાં ત્યાંના નવાબ–દરબાર સાહેબ કમલખાનજી સાહેબે સામૈયાથી સારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્કાર કર્યો હતો તેટલુંજ નહિં પરંતુ જીવતલાલ ભાઇની વિનંતી તેમજ સ્નેહને અંગે વગેરેથી પર્યુષણપર્વના આઠ દિવસો, શ્રી સંઘ પહોંચ્યાની તારીખ પોષ વદી ૧૪ અને જીવતલાલભાઇના જન્મ દિવસ જેઠ વદી ૪ એ દશ દિવસ કાયમને માટે બજાણાના નામદાર દરબાર સાહેબે મટન-મારકીટ બંધ અને શિકાર બીલકુલ નહિં કરવાનો પોતાના આખા રાજ્યમાં ઠરાવ કર્યો છે. તે ઠરાવની નકલ.

ઉપરોકત ઠરાવ બજાણા દરબારે કરી અનેક જીવોને અભયદાન આપેલ છે. જે માટે જૈન કોમ આભારી છે આ સભા તરફથી તે માટે મુબારકબાદીનો તાર અને પત્ર નામદાર બજાણા દરબારને મોકલ્યો છે. પુણ્યશાળી જીવો આવા કાર્યોના પણ શુભ નિમિત્ત થાય છે. આવા શ્રી સંઘ કાઢી તીર્થયાત્રાના કાર્યો કરતાં અવાંતરા આવા ધર્મના શુભ પ્રસંગો બને છે તે આવા કાર્યોથી દેખાય છે. ધારવા પ્રમાણે શ્રી સંઘ માહ વદી ૮ શ્રી સિદ્ધાચળજી પહોંચશે. અમો શેઠ જીવતલાલભાઇને મુબારકબાદી આપવા સાથે ધન્યવાદ આપીય છીયે.

હ. ઑ. ઑ. નં. ૪૨

હજુર બંગલો,
બજાણા—તા. ૮-૨-૨૯

---

## ઓફીસ ઓર્ડર.

શ્રી રાધનપુરથી શેઠ જીવતલાલ પરતાપશીનો સંઘ શ્રી શેત્રુંજયની યાત્રા અર્થે અહીંથી પસાર થતાં આંહીના શ્રી મહાજન તરફથી આગ્રહ કરી એક દિવસ રોકતાં અને આજે રા. સંઘવી શેઠ તરફથી અમને આમંત્રણ કરી પોતાના મુકામ ઉપર લઇ જવામાં આવેલ અને ત્યાં શ્રી જૈન મુનીઓએ ધર્મ ઉપર સારાં ભાષણો કરી અહીંની પ્રજા તથા સર્વે લોકોનું સારૂં ધ્યાન ખેચ્યું હતું અને અમારો સારો સત્કાર કર્યો હતો. અમોએ અમારા ભાષણમાં હિંદુ મુસલમાનની ઐકયતા જણાવી હતી. અને હિંદુ પ્રજા તરફનો અમારો પ્રેમભાવ બતાવી આ તાલુકામાં પર્યુષણના આઠ દિવસ તથા આજના સંઘના મેળાવડાનો એક દિવસ હંમેશને માટે યાદ રાખવા આ તાલુકામાં કસાઇની દુકાન બંધ રાખવા જાહેર કરેલ તેની આ ઓર્ડરથી નોંધ લઇએ છીએ તથા આજે સાંજના રા. સંઘવીજીને કચેરીમાં આવવા આમંત્રણ કરેલ અને તે વખતે તેઓએ અમારા જન્મદીવસ ઉપર કાયમને માટે ગરીબ લોકોને ખવરાવવા રૂા. ૫૦૧) ની રકમ બેંકમાં મુકવાની જાહેર કરેલ અને તેમાં અમે રૂા. ૫૦૧) ની વધુ રકમ ઉમેરીને ઉપર મુજબ સદ્ઉપયોગ કરવા તથા શેઠનો સંબંધ કાયમ જાળવવા સ્કીમ કરેલ ઉપરની શેઠની લાગણી માટે જેઠ વદ ૪ કે જે શેઠ મોસુફની જન્મતિથી છે તે હંમેશને માટે યાદ રાખવા તે દીવસ પણ ઉપર મુજબ કસાઇની દુકાન બંધ રાખવા ઠરાવવામાં આવે છે જો કે શીકાર અહીં કાયમને માટે બંધ કરવામાં આવેલ છે તોપણ ઉપરના દીવસમાં ખાસ પ્રબંધ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ ઓર્ડરની ચાર નકલ રા. શેઠ જીવતલાલ પરતાપશી તરફથી મોકલવી અને એક નકલ પોલીસ ખાતે અમલ થવા મોકલવી.

**Sd. Kamalkhanji.**
દરબાર શ્રી બજાણા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાંથી સંઘે પોશ શુદ ૧૦ ના રોજ લીંબડી શહેરમાં પ્રવેશ કર્યો હતો. પોશ શુદ ૧૧ ના રોજ લીંબડીના નામદાર ઠાકોરસાહેબને સંઘના મુકામે પધારવા સંઘવીએ આમંત્રણ કર્યું હતું. સવારના સાડાદશ વાગે નામદાર ઠાકોરસાહેબ પધાર્યા હતા. સંઘના તમામ ભાઇઓ બ્હેનો તથા સાધુ સાધ્વી મહારાજ, અધિકારી વર્ગ અને લીંબડી શહેરના આગેવાન જૈન અને જૈનેતર ગૃહસ્થો પધાર્યા હતા. પ્રથમ મહાસુખભાઇએ આભાર માન્યાબાદ આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિ મહારાજ (કે જેઓ લાંબો વિહાર કરી ગઇકાલેજ સંઘમાં સામેલ થયા તેઓશ્રીએ જીવદયા વગેરે સંબંધી વિવેચન કર્યું હતું. ત્યારબાદ ભાવનગરવાળા ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે લીંબડીના રાજવીની ઉત્તમ રાજ્ય કાર્યવાહી, જૈનધર્મ ઉપર લીંબડીના ઠાકોરસાહેબનો પ્રેમ અને સહાનુભૂતિ તથા જૈન ધર્મની ઓળખ અને બજાણાના દરબારશ્રીએ દશ દિવસ પોતાના રાજ્યમાં શ્રી સંઘના માનમાં જીવદયા પળાવવા કરેલ ઠરાવ વગેરે સંબંધી હકીકત જણાવી હતી. ત્યારબાદ માજી દિવાનસાહેબ શ્રીયુત ઝવેરભાઇએ જૈનધર્મ સંબંધી ઉત્તમતા, સંઘવીની ધર્મવૃત્તિ ઉદારતા માટે વિવેચન કર્યા બાદ નામદાર ઠાકોરસાહેબ ઉભા થઇ વિવેચન કર્યું કે જૈન ધર્મ ઉત્તમ ધર્મ છે. મૂર્તિના આલંબન વગર મનુષ્ય ધર્મમાં શ્રદ્ધા પામી શકતો નથી કે તે મેળવી શકતો નથી. કોઇ પણ ધર્મ માટે જેમાં કે ઉત્તમ કાર્ય થાય તે માટે મને માન છે અને સહાનુભૂતિ છે. જૈન ધર્મના કાર્યો આ શહેરમાં સારા થાય છે. આવા સંઘો કાઢવાથી અનેક લાભો છે. શેઠ જીવાભાઇને મારે સારો પરિચય છે, તેઓ ઉદાર અને ધર્મપ્રેમી છે. વગેરે જણાવ્યા બાદ પર્યુષણના બાકીના દિવસો અને પાંચ દિવસ કારતક સુદ ૧૪ ફાગણ સુદ ૧૪ ચૈત્ર સુદ ૧૩ અશાડ શુદ ૧૪ આસો સુદ ૧૪ જીવહિંસા મારા રાજ્યમાં આ સંઘના માનમાં કાયમ માટે બંધ કરૂ છું. અને પાંજરાપોળ માં રૂા. ૧૦૦૧ આપું છું. તેઓશ્રીએ બેઠક લીધા બાદ સંઘવી જીવતલાલભાઇ નામદાર સાહેબનો આવેલ અધિકારીવર્ગ અને ગૃહસ્થોનો ઉપકાર માની પોતાની લઘુતા બતાવી રૂા. ૩૦૦૧ શ્રી મગનલાલ ભુરાભાઈ જૈન બોર્ડીંગને ભોજનશાળાના મકાન બંધાવવા તેમજ રૂા. ૫૦૦) શ્રી પાંજરાપોળમાં આપવાની ઉદારતા બતાવી હતી. ઠાકોરસાહેબે તે માટે મફત જમીન આપવાની કૃપા કરી હતી છેવટે ફુલહાર અર્પણ થતાં મેળાવડો વિસરજન થયો હતો.

## શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

પ્રત્યેક ગામના શ્રી સંઘો, જૈન બંધુઓ અને બ્હેનો તેમજ જૈન સંસ્થાઓના કાર્યવાહકોને જણાવવામાં આવે છે કે આપણી કોન્ફરન્સનું બંધારણ જે મુંબઇ મુકામ મળેલી દશમી બેઠક વેળાએ પસાર કરવામાં આવ્યું છે તેમાં યોગ્ય સુધારા વધારા થવાની આવશ્યકતા જણાતા સદહું બંધારણની છાપેલી પ્રતો તૈયાર કરવામા આવી છે. જે આ સંસ્થાના મુખપત્ર જૈન યુગના તમામ ગ્રાહકોને માસિક સાથે બાંધી પહોંચતી કરવામાં આવી છે. તેમજ કમિટીના ઠરાવ અન્વયે આપણી કોમની વસ્તીવાળાં લગભગ દરેક શહેર યા ગામના આગેવાન અને શ્રી સંઘ તરફ તથા મુનિ મહારાજાઓ અને જૈન કોમની સંસ્થાઓ જેઓના નામો અમને મળી શકયા છે તેમને તેમજ ગ્રેજ્યુએટો જૈન પત્રોના અધિપતિઓ અને અન્ય આગેવાનોને એક એક છાપેલી પ્રત મોકલી આપવામાં આવી છે. જેઓને આ પ્રતો મળી હોય તેમણે બંધારણ ઉપર પોતાની સૂચનાઓ અને ઘટતા સુધારાઓ સંબંધે યોગ્ય હકીકત સાફ સારા દસ્કતથી કાગળની એકજ બાજુએ અનુક્રમે લખી મોકલવા વિનંતિ છે. બને તેટલી દરેક જગાએ આ પ્રતો મોકલવામાં આવી છે છતાં જેઓને આ નકલ જોઇતી હોય તેમણે મંગાવી લેવી. લી૦ સેવક:

૨૦, પાયધૌની.
મુંબાઇ તા. ૧૭ ૨-૧૯૨૯

**ચીનુભાઇ લાલભાઇ શેઠ**
એ૦ રેસીડેન્ટ જનરલ સેક્રેટરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સાહિત્ય માહિતિ પત્રક.

"જૈન સાહિત્યના પરિચય માટે સૂચના" એ સંબંધી આ માસિકમાં કરેલ ઉલ્લેખ મુજબ જૈન ધર્મના પ્રકટ થતાં તમામ ગ્રંથોની માહિતિ-પરિચય તે ક્યાંથી મેળવવા, કયા વિષયના છે, શું કિંમત છે, તેની જાહેરાત પુસ્તકાલયના સંચાલકો, જ્ઞાનભંડારોના વ્યવસ્થાપકો, અને વાંચકો વગેરેને મળે તે માટે આ સભાએ તેની યોજના નીચે પ્રમાણે શરૂ કરી છે. આવી માહિતિઓનું કાર્ય ઘણું મુશ્કેલ છતાં બનતા પ્રયત્ને તેની સંક્ષિપ્ત જાણુ આપીશું જેથી તે માટે દરેક ગ્રંથોના લેખકો, સંપાદકો, યોજકો, પ્રકાશકો, પુસ્તકાલયના સંચાલકો, અને જીજ્ઞાસુ વાંચકો અમારા પ્રયત્નમાં-માહિતી મેળવવામાં મદદ કરશે એવી નમ્ર વિનંતિ છે. સામાન્ય રીતે અનુક્રમે તેવો પરિચય અમારી જાણુ પ્રમાણે આપવામાં આવશે.

| નંબર | પુસ્તકનું નામ. | કર્તા, પ્રકાશક, અને મળવાનું સ્થળ. | કિંમત. | કયા વિષયનું છે ? |
|---|---|---|---|---|
| ૧ | કરેમિભન્તે ! સૂત્ર ભાગ ૧ લો ( શ્રી મહાવીર. જીવન ૨ સ્ય ) ... | પ્રભુદાસ બેહેચરદાસ જૈન વિદ્યાર્થી ભવન-રાધનપુર. | ૦-૮-૦ | આવશ્યક ક્રિયાની સમજ તથા ચરિત્ર. |
| ૨ | શ્રી રીખવદેવ. ... | ધીરજલાલ ટોકરશી શ્રી ચીમનલાલ નગીનદાસ બોર્ડીંગ ખાનપુર-અમદાવાદ. | ૦-૧-૦ | વાર્તા, બાલોપયોગી. |
| ૩ | જીવવિચાર પ્રવેશિકા. ... | ,, | ૦-૧-૩ | પ્રકરણ ,, |
| ૪ | જૈનાગમ તત્ત્વદીપિકા. .. | શ્વેતાંબર સાધુમાર્ગીય જૈન હિતકારણી સભા-બીકાનેર. | ૦-૩-૦ | પ્રકરણ ,, |
| ૫ | પ્રાકૃત વ્યાકરણમ્. ... | શ્રી આર્હતમત પ્રભાકર શેઠ મોતીલાલ લાધાજી-પુના. | ૨-૦-૦ | વ્યાકરણ |
| ૬ | નેમરાજુલ ... | ધીરજલાલ ટોકરશી શાહ-ખાનપુર-અમદાવાદ. | ૦-૧-૦ | વાર્તા બાલોપયોગી. |
| ૭ | દંડક તથા જંબુદ્વીપ સંગ્રહણી પ્રકરણ સાથે. ... | શ્રી જૈન શ્રેયસ્કર મંડલ-મ્હેસાણા. | ૦-૧૨-૦ | પ્રકરણ જૈનશાળા-ઉપયોગી. |
| ૮ | મોક્ષકી કુંચી ભાગ ૧ લો. ... | સૌભાગમલ અમુલખ લોઢા તથા મગનલાલ કોચેટા આત્મકાર્યાલય જાગૃતિ-બંગડી-મારવાડ. | ભેટ | સમ્યકત્વ મિથ્યાત્વના સ્વરૂપની સમજ. |
| ૯ | શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત આઠ પ્રવચનની સજ્ઝાય ( સાથે ). ... | શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સભા-કુંબલી ચતુર્ભૂજ તેજપાળ | ભેટ | તત્ત્વજ્ઞાનના જુદા જુદા વિષયો. |
| ૧૦ | વીરધર્મનો પુનરુદ્ધાર. ... | ન્યાયવિશારદ ન્યાયતીર્થ મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ | ભેટ | સમયાનુસરતા સામાજિક ધાર્મિક વિષયો માટે. |

( ચાલુ વિશેષ હકીકત માટે જુઓ આ માસિક નં. ૨-૩-૪-૫ મા અંકો )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિનો પ્રવાસ**—કરચલીયામાં ઉકત આચાર્ય મહારાજના સોળવર્ષ પહેલાં પધાર્યા ત્યારના ઉપદેશથી નવું જિનાલય બંધાવવાનો ત્યાંના શ્રી સંઘે કરેલો નિર્ણય જિનાલય બંધાતા પૂર્ણ થતાં, તે જિનાલયની પ્રતિષ્ઠા ઉકત આચાર્ય મહારાજના હસ્તેજ થાય તેમ યોગ્ય ધારી પાટણ વિનંતી કરવાને તે ગામનો શ્રીસંઘ ગયેલ હતો. સંઘની વિનંતીને માન આપી આચાર્ય મહારાજ પાટણથી વિહાર કરી અનેક ગામોમાં સમય ધર્મ ઉપર વ્યાખ્યાનો આપી તે તે સ્થળે સમાજ ઉન્નતિ માટે જાગ્રતિ ઉત્પન કરી છે. અને ત્યાં ત્યાંના જૈન કોમને કર્તવ્ય સમજાયું છે. હવે આચાર્ય શ્રી કરચલીયામાં પધાર્યા છે અને માહ શુ. ૧૩ ના રોજ ભકિત ભાવના પૂવક તેઓશ્રીના મુબારક હસ્તે પ્રતિષ્ઠ થશે.

## અભિનંદન.

શ્રી અંતરીક્ષ તીર્થના કેસની અપિલ દીગંબરીભાઇઓ આપણી વિરૂદ્ધ દાખલ કરી છે જેથી શ્વેતાંબરીય જૈન તરફથી આ કેસની લડતમાં ત્યાંના વકીલોને સહાય કરવા ભાઇશ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીયા તા. ૧૩–૨–૨૯ ના રોજ ઇટાલીયન મેઇલમાં વિલાયત ગયા છે. તેમની સફળ સફર ઇચ્છવા અને કેસમાં જીત મેળવી જલદી અહિં આવે તે માટે મુબારક બાદી આપવા અત્રે ભાવનગરના જૈન ગૃહસ્થોની એક મીટીંગ તા. ૧૦–૨–૨૯ ના રોજ માસ્તર મોતીચંદ ઝવેરચંદના પ્રમુખપણા નીચે મળી હતી અને ઉપરોકત ઠરાવ કરવામાં આવ્યો હતો.

આ માસમાં મહા શુદ ૬ શ્રી કાની બંદર, માહ શુદ ૧૩ રંધોળા જીલ્લા ભાવનગર કરચલીયા જીલ્લા સુરત, પાલનપુર, અને માહ વદી ૫ ભંડારીયા પાલીતાણે પ્રતિષ્ઠાઓ છે જેની કંકોત્રીઓ અમોને મળી છે. અમો તે માટે અનુમોદન કરીએ છીએ.

# સ્વીકાર અને સમાલોચના.

**સામાયિક તથા ચૈત્યવંદન**—યોજક બ્રહ્મચારી શંકરધરાજી પ્રકાશક શ્રી આત્માનંદ જૈન સભા અંબાલા. કિંમત સાડા ત્રણ આના જૈનશાળામાં ચલાવી શકાય તેવી પદ્ધતિએ અને હિંદિ ભાષાના જાણકાર માટે ઉપયોગી થઇ શકે તેવી રીતે પ્રકટ કરવામાં આવેલ છે. સામાયિક તેની વિધિ, ચૈત્યવંદન, પચ્ચખાણ, શ્રાવકને વ્યવહારિક ઉપયોગી હકીકત સાથે આપી વિષય સંકળના સારી રીતે કરી છે. જૈનશાળામાં પ્રાથમિક શિક્ષણ તરિકેની જરૂરીયાત પુરી પાડી છે.

**શ્રી પાર્શ્વનાથ–પ્રભુ મહાવીર**—બાળ ગ્રંથાવલી પ્રથમ શ્રેણી નં. ૩ તથા નં. ૪ લેખક ધીરજલાલ ટોકરશી શાહ કિંમત સવા આનો દરેકનો જૈનબાળ સાહિત્ય તરીકે આવી લઘુ બુકોની આવશ્યકતા માટે તેના લેખક પ્રકાશકનો પ્રયત્ન આવકારકદાયક છે. ગ્રંથમાં આવેલ કથાની સરલતા બાળકને વાંચતા આનંદ આપે તેમ છે. વળી કાગળ, ટાઇપ વગેરે પણ સુંદર છે. અમે આ સાહિત્ય પ્રકટ નવા કાર્યની આબાદિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જૈનોની ચોકી તરક્કી**—લેખક લક્ષ્મીલાલ સખલેચા કિંમત આઠઆના, પોતાના સમાજની ઉન્નતિ કરવા માટે વ્યવહારમાં, ધર્મમાં, અને સમાજમાં શું શું કર્તવ્યો કરવાના જરૂર છે તે માટે અનેક સુચનાઓ કાર્યવાહી સંક્ષિપ્તમાં હિંદિભાષામાં આ ગ્રંથમાં જણાવેલ છે. ગ્રંથમાં જણાવેલ કેટલીક હકીકતો જાણવા જેવી છે.

**આત્મવિકાસના માર્ગે**—પંડિતજી લાલનને સામાયિક રહસ્યનો અને ક્રિયાની સુંદર પ્રણાલીકાનો થયેલ અનુભવ જૈનોને બતાવવા, બંધુ લાલને જુદા જુદા કાઠીયાવાડ ગુજરાતના શહેરમાં ફરી સામાયિક યોગ ઉપરાંત આત્મવિકાસ અર્થે આપેલા ભાષણો અને પોતાના અનુભવના લેખોનો સંગ્રહ આ બુકમાં આપવામાં આવેલ છે. દરેક વિષયો સરલ ભાષામાં દષ્ટાંતો સહિત આપેલા છે, જે વાચક સુગમતાથી તેનો લાભ લઇ શકે તેવું છે. અમો દરેક બંધુને વાંચવાની ભલામણ કરીયે છીએ. જૈનેતર પણ નિષ્પક્ષપાત દષ્ટિએ તેમાંથી કંઇ મેળવી શકે તેવું છે. કિંમત વાચના, વિચારણા અને આચરણા.

**લાલન પદ્યાવલી અને આનુભવિક પદ્યો.** જૈન સમાજમાં પદ્ય વિષય-કવિતાના વાચકો બહુજ અલ્પ છે; તેમ તેની સુંદર રચના પણ કુદરતની બક્ષીસ જેને હોય તે કવિઓજ કરી શકે છે. સુંદરકૃતિના પરિક્ષકો અને ઉત્સુક પણ કોઇ કોઇ વ્યક્તિ હોય છે. તેજ તેની કિંમત આંકી શકે છે. આ બુકમાં પંડિત લાલન અને બંધુ કુંવરજીની કૃતિના પદો છે. કૃતિની પરિક્ષા તો ખરેખરી રીતે ઉચ્ચકોટીના કવિઓ કરી શકે, પરંતુ આ બુકમાં આવેલ કેટલાક પદોમાં સરલ અને સ્પષ્ટ ભાવ તે તે વિષયનો ઝળકી ઉઠે છે. કેટલાક પદોમાં કર્તાનો અનુભવ સ્પષ્ટ જણાવેલ છે. ઘણી વખત રચનારનો હૃદયભાવ કવિતામાં આવી ઉભો રહે છે તેમ આ બુકના કેટલાક પદોમાં જણાય છે. બંને ગ્રંથો મળવાનું સ્થળ—મુંબઇ મેઘજી હીરજી બુકસેલર—પાયધુની મુંબઇ નં. ૩

શ્રી સિદ્ધસેનદિવાકર વિરચિત—**ન્યાયાવતાર**—શ્રી દેવભદ્રસૂરિ કૃત ટિપ્પન સંવલિત શ્રી સિદ્ધર્ષિગણી કૃત ટીકા સહિત. ડો. પી. એલ. વૈદ્ય એમ. એ. એ લખેલ ઇંગ્લીશ પ્રસ્તાવના અને નોટ સહિત, પ્રકાશક શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી જનરલ સેક્રેટરીઓ શેઠ નગીનદાસ કરમચંદ તથા ચીનુભાઇ લાલભાઇ સોલીસીટર. કિંમત રૂા ૧-૮-૦ મુંબઇની યુનીવરસીટીએ બી. એની સને ૧૯૨૯-૩૦ ની સંસ્કૃત પરિક્ષા માટે મુકરર કરેલ જૈન ન્યાયનો આ ગ્રંથ છે. મુંબઇ યુનીવરસીટીમાં જૈન સંસ્કૃત સાહિત્યને સ્થાન મળ્યાનો આ પ્રથમ પ્રસંગ છે જે આવકાર દાયક ગણાય. જૈન સાહિત્ય હજી એટલું બધું વિપુલ છે કે જૈન સમાજ તેને સર્વ સામાન્ય રૂપમાં મુકવા માટે પ્રયત્નો કરે—કાળજી રાખે તો જૈન સાહિત્ય માટે જગત આશ્ચર્ય પામે તેવું છે. જૈન શ્વેતાંબર કોનફરન્સ મુંબઇ ઓફીસે આ જૈન સાહિત્ય વિષયક ગ્રંથ પ્રકટ કરવા બદલ તે ધન્યવાદને પાત્ર છે અને આ દિશામાં આ સંસ્થા આવો પ્રયત્ન ચાલુ રાખી વિશેષ પ્રમાણમાં જૈન સાહિત્યની વધુ સેવા કરવા ભાગ્યશાળી થાય તેમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## બંધુ રાયચંદ છગનલાલનો સ્વર્ગવાસ.

ભાઈ રાયચંદ શુમારે ચોપન વર્ષની વયે કેટલાક વખતથી ચાલી આવતી દમની બિમારી ભોગવી, આમાસની શુદ ૧૧ રોજ પંચત્વ પામ્યા છે. ભાઇ રાયચંદ સ્વભાવે સરળ, મળતાવડા અને માયાળુ હતા. ધર્મના પણ શ્રદ્ધાળુ હતા. આ સભાના ઉપર તેઓનો પ્રેમ હોવાથી ઘણા વર્ષોથી સભાસદ થયા હતા. તેઓનો સ્વર્ગવાસ થવાથી આ સભાને એક ઉત્સાહી સભાસદની ખોટ પડી છે તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાય તેમ ઇચ્છીયે છીયે.

## જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહકોને :—

અમારા ગ્રાહકોને ચાલુ સાલના પુસ્તકો માગશર માસમાં વી–પી–થી મોકલવાનું અમોએ જણાવેલ. પરંતુ શ્રી **અજારા પાર્શ્વનાથ ચરિત્રના** પુસ્તકની વધુ ઇતિહાસિક હકીકત મેળવવામાં ઢીલ થવાથી તે છપાય છે, તેમજ લગ્નાદિક કારણે જરા ઢીલ થશે.

**વધારામાં અમારા ગ્રાહકોને નીચેનો લાભ આપવાનો છે.**

જેમને જરૂર હોય તેમણે મંગાવી લેવા કૃપા કરવી. કારણ કે દરેકની ૪૦૦ નકલ ઘટાડેલ ભાવે ગ્રાહકોને આપવાની છે.

૧. ગુર્જરેશ્વર કુમારપાળ. સચિત્ર. મોટી સાઇઝ પૃષ્ઠ ૪૫૭ પાકું પુઠું. ઇતિહાસિક રસીક દલદાર ગ્રંથ જેની કિંમત રૂા. ૪) છે તે રૂા. ૨–૪–૦ માં મલશે.

૨. વિમલમંત્રીનો વિજય યાને ગુજરાતનું ગૌરવ મોટી સાઇજ પૃષ્ટ ૨૨૫ પાકું પુંઠું ઇતિહાસિક રસિક પુસ્તક જેની કિંમત રૂા. ૨) છે. તે રૂા. ૧–૪–૦

૩. કચ્છ ગીરનારની મહાયાત્રા, પૃષ્ટ ૩૫૦ પાકું રેશમી પુંઠું ૩૦ ચિત્રો સાથે જેની કિં. રૂા. ૨–૮–૦ છે તે રૂા. ૧–૧૨-૦ માં મલશે.

ત્રણે પુસ્તક સાથે મંગાવનારને રૂા. ૫) માં અને છૂટક જણાવેલી ઘટાડેલી કિંમતે મલશે. પોસ્ટ ખર્ચ જુદું. સિવાય કોઇપણ સંસ્થાના પુસ્તકો અમારી પાસેથી મલી શકશે.

લખો—જૈન સસ્તી વાંચનમાળા–રાધનપુરી બજાર–**ભાવનગર.**

રૂબરૂ લેવા માટે—**પાલીતાણા**–જૈન સસ્તી વાંચનમાળા શાખા ઓફીસ.

**અમદાવાદ**–શેઠ હરીલાલ સુળચંદભાઇ. ઠે. રતનપોળ શેઠનીપોળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રેસીડેન્ટ હૂવર.

" નવ વર્ષની ઉમરે પોતાનાં માબાપ ગુમાવી બેસી નિરાધાર થઇ પડેલો અમેરિકાના એક લુહારનો છોકરો હમણાં બે માસ પર ત્યાંના પ્રજાસત્તાક રાજ્યના પ્રમુખપદે પહોંચ્યો છે, અને આપબળ, ખંત તથા અડગ આત્મશ્રદ્ધાના સંદેશવાહક સમા એ દેશનાં એવા અનેક જ્વલંત દૃષ્ટાંતોમાં એકનો ઉમેરો કર્યો છે. ૧૮૭૪ ના ઓગષ્ટની ૧૯ મી તારીખે એ જન્મ્યો ત્યારે એના બાપે પોતાની બ્હેનને જઇને વધામણી આપેલી કે અમારે ઘેર ભવિષ્યનો પ્રમુખ જન્મ્યો છે. બાપ તો એને નવ વરસનો મુકીને મરી ગયો, પણ દીકરે પોતાના આપબળે બાપની એ ભવિષ્યવાણી ખરી પાડી. નમાયો ને નબાપો હર્બર્ટ હૂવર જુદાં જુદાં સગાંઓને ઘેર ઉછરી મોટો થયો. સગાંવ્હાલાં સારી સ્થિતિનાં ને માયાળુ હોવા છતાં જાત ખરચ તો એ અંગમહેનત કરીને જ કાઢતો, અને તેમાંથી બચત પણ કરતો. અભ્યાસ દરમ્યાન એને ખાણ અને ખનિજ શાસ્ત્રનાં કામનો રસ લાગ્યો અને કોઇપણ ભોગે એમાં પાર પડી મોખરે આવવાનો એણે મનોરથ ઘડયો. સ્ટેનફર્ડ યુનિવર્સિટી છોડી એ એક ખાણમાં કામે રહ્યો અને ખંત તથા ફતેહથી ફોરમેનની જગ્યાએ પહોંચ્યો એ જ્ઞાન મેળવી લીધા પછી ધંધાદારીની સમજ મેળવવા તે લુઇ જેનિન નામના એક ઇજનેરની ઓફીસમાં નોકરીએ રહેવા ગયો. ઇજનેરે સાફ સંભળાવી દીધું કે મારે ત્યાં જગ્યા નથી. ઉલ્ટી ઉમેદવારોની લાંબી યાદી પડેલી છે; ને પછી મજાકમાં કહ્યું પણ રહો, એક ટાઇપીસ્ટની જગ્યા ખાલી છે!" અમેરિકામાં એ કામ ઘણે ભાગે છોકરીઓજ કરે છે. હર્બર્ટ પોકારી ઉઠયો 'હું તે સ્વીકારૂં છું. પણ આઠ દિવસ પછી નોકરીએ ચઢીશ; આવતે મંગળવારે! અને તે સલામ કરી જવાબની રાહ જોયા વિના જ ચાલતો થયો. ભાઇસાહેબને ટાઇપ રાઇટર પર ટકોરો મારતાં યે નહોતો આવડતો. પણ આઠ દિવસમાં તો તે એ કામમાં પાવરધો થઈ બીજે મંગળવારે નોકરી પર ચડી ગયો! આમ અનેક પગથિયાં વટાવતો આફતોનાં જાળાં કાપતો ને મુસીબતોની ગુંચો ઉકેલતો તે ઉપલા પદ પર પહોંચ્યો ને લંડનમાં મોરેન્ગ ખાણની ભાગીદારીમાં જોડાયો. હવે લક્ષ્મીદેવીની કૃપાનાં સ્મિત તેના પર વરસ્યાં અને થોડા વખતમાં સારાં નાણાં કમાઈ પોતાને વતન અમેરિકા જઇ સુખચેનમાં વસવાનાં સ્વપ્નાં સેવવા લાગ્યો પણ નસીબનું ચક્કર ફર્યું. કેશ્યર મોટી રકમ ઉચાપત કરી નાસી ગયો. પેઢી નાણાભીડમાં આવી પડી. બીજા ભાગીદારો બહારગામ હતા. હૂવરે પોતાની અંગત પાઇએ પાઇ આપીને દેવું ચુકાવી દીધું અને વતનમાં વસવા સોનેરી સ્વપ્નાં છોડી દઇ પોતાની પેઢીને પગભર કરવા જીવતોડ પ્રયત્નો કરવા લાગ્યો. અને સ્વાશ્રયી તથા આત્મશ્રદ્ધાળુ કદિ પરાજીત થતો જ નથી. ઉતરેલી સીડીનાં પગથિયાં હૂવરે ફરીથી કડકડાટ ચડવા માંડ્યા વેપારરોજગારમાં, ધનસંપત્તિમાં, રાજકાજમાં એ મોખરે આવવા લાગ્યો. અને આજે, કેવળ આપબળ અને બુદ્ધિ પ્રતિભાથી માણસ શું કરી શકે છે તેના તેજસ્વી દૃષ્ટાંત સમો તે અમેરિકન રાષ્ટ્રના પ્રમુખપદે જઇ બેઠો છે.

'કુમાર' (માસિકમાંથી)

For Private And Personal Use Only